
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | |
|---|---|---|
| ૧ ચેતનને ... ... ... | શા. છગનલાલ નહાનચંદ નાણાવટી ... | ૧૦૫ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ... | મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ. ... | ૧૦૬ |
| ૩ સૌભાગ્ય પંચમી કથા. ... | ભોગીલાલ જેચંદ સાંડેસરા ... ... | ૧૧૦ |
| ૪ અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર. ... | આત્મવલ્લભ. ... ... ... | ૧૧૬ |
| ૫ પ્રશ્નોત્તરો ... ... ... | મુનિ શ્રી કપૂરવિજયજી મહારાજ. ... | ૧૧૯ |
| ૬ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. | વિઠ્ઠલદાસ મૂ૦ શાહ. ... ... | ૧૨૨ |
| ૭ દિક્ષા પ્રકરણ સંબંધે કંઇક ... | I. A. ... ... ... | ૧૨૭ |
| ૮ સ્વીકાર અને સમાલોચના. ... | ... ... ... ... | ૧૨૯ |
| ૯ વર્તમાન સમાચાર ... | ... ... ... ... | ૧૩૧ |


### અમારા માનવંતા લાઇફ મેમ્બરો નમ્ર સુચના.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ૨ સુકૃત સાગર અને ૩ ધર્મ પરિક્ષા એ ત્રણ ગ્રંથો અમારા માનવંતા લાઇફ મેમ્બરોને પોસ્ટેજ પુરતા પૈસાનું તેમજ બી૦ વર્ગના સભ્યોને પોસ્ટેજ સાથે ( ધારા પ્રમાણે ) આઠ આનાનું વધારા સાથેનું વી. પી. કરી ભેટના પુસ્તકો મોકલવાનું કાર્ય શરૂ થયેલું છે જેથી તે પ્રમાણે તે સ્વીકારી લેવા વિનંતિ છે.


**તૈયાર છે. બીજો વિભાગ તૈયાર છે.**

( पूज्य श्री संघदासगणि–वाचकनिर्मितं. )

## ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

### द्वितीय अंशः

સંપાદકો તથા સંશોધકો–પ્રવર્ત્તક મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

પ્રથમ ખંડના છ પરિશિષ્ટો સાથેનો આ બીજો ભાગ આ પ્રકટ કરવામાં આવેલ છે. આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે, પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. ગયા વર્ષના માગશર માસના આત્માનંદ પ્રકાશ માસિકના ટાઇટલમાં જણાવ્યા મુજબ–માત્ર જ્ઞાનભંડારો તથા તેના ખપી મુનિમહારાજાઓના ઉપયોગ માટે જ આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપિયા (પોસ્ટેજ જુદું) રાખવામાં આવેલ છે. આ બીજો વિભાગ ઉંચા ક્રોક્ષલી લાયન બ્લુલેજર પેપર ( કાગળ ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં આ ગ્રંથ માટે ખાસ ટાઇપો તૈયાર કરાવી, સુંદર શસ્ત્રી વિવિધ ટાઇપો ( અક્ષરો ) માં છપાવેલ છે. થોડી નકલો બાકી છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે. મળવાનું ઠેકાણું:-


ભાવનગર ધી " આનંદ " પ્રિન્ટિંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री ॥

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञान च वस्तवबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यत्तं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

पुस्तक २९ } वीर सं. २४५८. मार्गशीर्ष. आत्म सं. ३६. { अंक ५ मो.

## ચેતનને.

ભજન કરી લે ધ્યાન ધરી લે, સુકૃત કરી લે સાથે રે;
વાગી રહ્યાં છે નિશદિન ગેબી, મોત નગારાં માથે રે. ભજન૦ ૧
વિલંબ કરતાં વિઘ્ન આવશે, મુંઝવણ થાશે ભારે રે;
મનતણા મનસુબા મનમાં, રહી જશે સહુ ત્યારે રે. ભજન૦ ૨
સુકૃતના નવ હોય વાયદા, સુકૃત સત્વર કરજે રે;
નિડરપણે અંતકાળે રહેવા, પુણ્ય છળાછળ ભરજે રે. ભજન૦ ૩
પ્રમાદ નિદ્રા મોહ તણે વશ, કદી ન પડતો પ્રાણી રે;
સતત્ સુકૃત કરતો રહેજે, ક્ષણભંગુર દેહ જાણી રે. ભજન૦ ૪
સુકૃત કરતાં પુણ્ય વાધશે, મર્ણ ભય મટી જાશે રે;
નચિંતપણે પરલોકે જાશે, નરભવ સફળો થાશે રે. ભજન૦ ૫

શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

શ્રી ભગવતી સૂત્ર.

૧૦–૪–૪૦૪. પ્રભુ મહાવીરસ્વામીના શિષ્ય **શ્યામ** અણગાર હતા.
૧૧. ૯–૪૧૭ થી ૪૧૯

હસ્તિનાગપુરના **શિવરાજાની** તાપસીદિક્ષા, વાનપ્રસ્થોના ભેદો, દિક્ષાપ્રોક્ષક તપસ્વીનો વીધિ, **સાત સમુદ્રનું** જ્ઞાન.

**શિવરાજર્ષિનું** પ્રભુ મહાવીર પાસે આગમન, વીરધર્મનું શ્રવણ, પ્રભુ મહાવીર પાસે દિક્ષા સ્વિકાર, અગિઆર અંગનું અધ્યયન અને મોક્ષગમન વિગેરે

**૧૧–૧૧–૪૨૪ થી ૪૩૨ સુદર્શન ચરિત્ર.**

તે કાલે તે સમયે **વાણીજ્ય** ગ્રામ નામે નગર હતું. વર્ણન. **દુતિપલાશક** ચૈત્ય હતું. યાવત્....પૃથ્વી શિલાપટ્ટ હતો. તે વાણીજ્યગ્રામ નગરમાં **સુદર્શન** નામે શેઠ રહેતો હતો. તે આઢ્ય–ધનિક, અપરિભૂત–કોઇથી પરાભવ ન પામે તેવો, જીવાજીવ તત્વનો જાણનાર શ્રમણોપાસક હતો. ત્યાં **મહાવીર**સ્વામી સમવસર્યા. યાવત્ પર્ષદ્–જન સમુદાય પર્યુપાસના કરે છે. ત્યારબાદ મહાવીરસ્વામી આવ્યાની વાત સાંભળી **સુદર્શન** શેઠ હર્ષિત અને સંતુષ્ટ થયા અને સ્નાન કરી, બલીકર્મ યાવત્ મંગળરૂપ પ્રાયશ્ચિત કરી સર્વ અલંકારથી વિભૂષિત થઇ પોતાના ઘેરથી બહાર નીકળે છે, બહાર નીકળીને માથે ધારણ કરતા કોરંટક પુષ્પની માળાવાળા **છત્ર** સહિત પગે ચાલીને ઘણા મનુષ્યોના સમુદાયરૂપ વાગુરા–બન્ધનથી વિંટાયેલા તે **સુદર્શન** શેઠ વાણિજ્યગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઇને નીકળે છે. નીકળીને જ્યાં દૃતિપલાશ ચૈત્ય છે અને જ્યાં શ્રમણ ભગવંત **મહાવીર** છે ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચે પ્રકારના **અભિગમ**વડે જાય છે, તે અભિગમો આ પ્રમાણે છે. ૧ ' સચિત્તદ્રવ્યનો ત્યાગ કરવો–' ઇત્યાદિ જેમ **રૂષભદત્ત**ના પ્રકરણમાં કહ્યું છે તેમ અહીં જાણવું, યાવત્ તે સુદર્શન શેઠ ત્રણ પ્રકારની પર્યુપાસના વડે પર્યુપાસે છે. ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીરે તે સુદર્શન શેઠને અને તે મોટામાં મોટી સભાને ધર્મકથા કહી, યાવત્ તે સુદર્શન શેઠ આરાધક થાય છે. ત્યારપછી સુદર્શન શેઠ શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મ સાંભળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અવધારી, હર્ષિત અને સંતુષ્ટ થઇ, ઉભા થઇને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરી તેણે આ પ્રમાણે પૂછયું—

**પ્રશ્ન**—હે ભગવાન ! કાળ કેટલા પ્રકારનો કહ્યો છે ?

**ઉત્તર**—હે સુદર્શન ! કાળ ચાર પ્રકારનો કહ્યો છે; તે આ પ્રમાણેઃ—

૧ પ્રમાણકાળ ૨ યથાયુર્નિર્વૃત્તિકાળ, ૩ મરણકાળ અને ૪ અદ્ધાકાળ.

**પ્રશ્ન**—હે ભગવાન ? એમ શા હેતુથી કહો છો કે પલ્યોપમ અને સાગરોપમનો યાવત્ અપચય થાય છે ?

**ઉત્તર**—હે સુદર્શન, એ પ્રમાણે ખરેખર તે કાળે, તે સમયે **હસ્તિ નાગપુર** નામે નગર હતું, ત્યાં સહસ્રામ્રવન નામે **ઉદ્યાન** હતું, તે હસ્તિ નાગપુર નગરમાં **બળ** નામે રાજા હતો. તે બલ રાજાને **પ્રભાવતી** નામે રાણી હતી. તેના હાથપગ સુકુમાલ હતા, ઇત્યાદિ વર્ણન જાણવું, યાવત્........તે વિહરતી હતી. ત્યારબાદ અન્ય કોઈ પણ દિવસે તેવા પ્રકારના, અંદર ચિત્રવાળા, બહારથી ધોળેલા, ઘસેલા અને સુંવાળા કરેલા, જેનો ઉપરનો ભાગ વિવિધ ચિત્રયુક્ત અને નીચેનો ભાગ સુશોભિત છે એવા, મણિ અને રત્નના પ્રકાશથી અંધકાર રહિત, બહુ સમાન અને સુવિભક્ત ભાગવાળા, મુકેલા પાંચવર્ણના સરસ અને સુગંધી પુષ્પપૂંજના ઉપચારવડે યુક્ત, ઉત્તમ કાળાગુરૂ, કીન્દરૂ અને તુરૂષ્ક-શિલારસના ધૂપથી ચોતરફ ફેલાયેલા સુગંધના ઉદ્દભવથી સુંદર, સુગંધિ પદાર્થોથી સુવાસિત થયેલા, સુગંધિ દ્રવ્યની ગુટિકા જેવા તે **વાસઘર**માં તકીયા સહિત માથે અને પગે ઓસીકાવાળી, બંને બાજુએ ઉંચી, વચમાં નમેલી અને વિશાલ, ગંગાના કિનારાની રેતીના કોમળ ચુરા સરખી ( અત્યંત કોમળ ), ભરેલા ક્ષૌમિક-રેશમી દુકુલના પટ્ટથી આચ્છાદિત, રજસ્ત્રાણથી ( ઉડતી ધૂળને અટકાવનાર વસ્ત્રથી ) ઢંકાયેલી રકતાંશુક-મચ્છરદાની સહિત, સુરમ્ય, આજીનક ( એક જાતનું ચામડાનું કોમળ વસ્ત્ર ) રૂ, બરૂ, માખણ અને આકડાના રૂના સમાન સ્પર્શવાળી, સુગંધી ઉત્તમ પુષ્પો, ચુર્ણ અને બીજા શયનોપચારથી યુકત એવી શય્યામાં કંઇક સુતી અને જાગતી નિદ્રા લેતી લેતી **પ્રભાવતી** દેવી અર્ધ રાત્રિના સમયે આ એવા પ્રકારના, ઉદાર, કલ્યાણ શિવ, ધન્ય, મંગળકારક અને શોભાયુક્ત **મહાસ્વપ્નને** જોઇને જાગી.

મોતીના હાર, રજત, ક્ષીરસમુદ્ર, ચંદ્રનાં કિરણ, પાણીનાં બિંદુ અને રૂપાનાં મોટા પર્વત જેવા ધોળા, વિશાળ, રમણીય, દર્શનીય, સ્થિર અને સુંદર પ્રકોષ્ટવાળા, ગોળ, પુષ્ટ, સુશ્લિષ્ટ અને તીક્ષ્ણ દાઢોવડે ફાડેલા મુખવાળા, સંસ્કારીત ઉત્તમ કમળના જેવા કોમળ, પ્રમાણ યુકત અને અત્યંત સુશોભિત ઓષ્ટવાળા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાતા કમળના પત્રની જેમ અત્યંત કોમળ તાલુ અને જીભવાળા, મૂષ્ટામાં રહેલા, અગ્નીથી તપાવેલ અને આવર્ત લેતા ઉત્તમ સુવર્ણના સમાન વર્ણવાળી, ગોળ અને વિજળીના જેવી નિર્મળ આંખવાળા, વિશાળ અને પુષ્ટ જાંઘવાળા સંપૂર્ણ અને વિપુલ સ્કંધવાળા, કોમળ, વિશદ, સ્પષ્ટ, સૂક્ષ્મ અને પ્રશસ્ત લક્ષણવાળી વિસ્તીર્ણ કેસરાની છટાથી સુશોભિત, ઉંચા કરેલા સારી રીતે નીચે નમાવેલા, સુન્દર અને પૃથિવી ઉપર પછાડેલા પૂછડાથી યુકત, સૌમ્ય, સૌમ્ય આકારવાળા ક્રીડા કરતા, બગાસાં ખાતાં અને આકાશ થકી ઉતરી પોતાના મુખમાં પ્રવેશ કરતા **સિંહને સ્વપ્નમાં** જોઇ તે **પ્રભાવતી** દેવી જાગી.

ત્યારબાદ તે પ્રભાવતી દેવી આ આવા પ્રકારના ઉદાર શોભાવાળા મહા-સ્વપ્નને જોઇને જાગી અને હર્ષિત તથા સંતુષ્ટ હૃદયવાળી થઇ, મેઘની ધારાથી વિકસિત થયેલા **કદંબકના** પુષ્પની પેઠે રોમાંચિત થયેલી (પ્રભાવતીદેવી) તે સ્પનનું સ્મરણ કરે છે, સ્મરણ કરીને પોતાના શયનથી ઉઠી ત્વરા વિનાની, ચપલતા રહિત, સંભ્રમ વિના, વિલંબ રહિતપણે, રાજ હંસ સમાન ગતિવડે જ્યાં **બળરાજાનું** શયનગૃહ છે ત્યાં આવે છે. આવીને ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનગમતી, ઉદાર, કલ્યાણ, શિવ, ધન્ય, માંગલ્ય સૌન્દર્ય યુકત, મિત, મધુર અને મંજુલ કોમલ વાણીવડે બોલતી તે બલરાજાને જગાડે છે. ત્યારબાદ તે બલરાજાની અનુમતિથી વિચિત્રમણી અને રત્નોની રચનાવડે વિચિત્ર **ભદ્રાસનમાં** બેસે છે. સુખાસનમાં બેઠેલી, સ્વસ્થ અને શાંત થએલી તે પ્રભાવતી દેવીએ ઇષ્ટ પ્રિય મધુરવાણીથી બોલતાં આ પ્રમાણે કહ્યું.

હે દેવાનુપ્રિય, એ પ્રમાણે ખરેખર મેં આજે તે તેવા પ્રકારની અને તકીયાવાળી શય્યામાં ( સુતાં જાગતાં ) ઇત્યાદિ પૂર્વોકત જાણવું. મારા પોતાના મુખમાં પ્રવેશ કરતા સિંહને સ્વપ્નમાં જોઇને જાગી. તો હે દેવાનુ-પ્રિય, એ ઉદાર મહા સ્વપ્નનું બીજું શું કલ્યાણકારક ફળ અથવા વૃત્તિ વિશેષ થશે ? ત્યારપછી તે બલ રાજા પ્રભાવતી દેવી પાસેથી આ વાત સાંભળી, અવધારી હર્ષિત, તુષ્ટ, આલ્હાદ યુકત હૃદયવાળો થયો, મેઘની ધારાથી વિકસિત થયેલા સુગંધિ કંદબ પુષ્પની પેઠે જેનું શરીર રોમાંચિત થયેલું છે અને જેની રોમરાજી ઉભી થયેલી છે, એવો બલ રાજા તે સ્વપ્નનો અવગ્રહ-સામાન્ય વિચાર કરે છે, પછી તે સ્વપ્ન સંબંધી ઇહા ( વિશેષ વિચાર) કરે છે. તેમ કરીને પોતાની સ્વાભાવિક, મતિપૂર્વક બુદ્ધિ વિજ્ઞાનથી તે સ્વ-પ્નના ફળનો નિશ્ચય કરે છે. પછી ઇષ્ટ, કાંત, મંગળ યુકત, તથા મિત, મધુર અને શોભાયુકત વાણીથી સંલાપ કરનાર તે બળ રાજાએ આ પ્રમાણે કહ્યું.

હે દેવી, તમે ઉદાર સ્વપ્ન જોયું છે, હે દેવી, તમે કલ્યાણકારક સ્વપ્ન જોયું છે, હે દેવી, તમે શોભાયુકત સ્વપ્ન જોયું છે, તથા હે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવી, તમે આરોગ્ય, તુષ્ટિ, દીર્ઘાયુષ્ય, કલ્યાણ અને મંગલકારક સ્વપ્ન જોયું છે. હે દેવાનુપ્રિયે ! તેથી અર્થનો લાભ થશે, હે દેવાનુપ્રિયે, ભોગનો લાભ થશે, હે દેવાનુપ્રિયે ! પુત્રનો લાભ થશે, હે દેવાનુપ્રિયે, રાજ્યનો લાભ થશે, હે દેવાનુપ્રિયે, ખરેખર તમે નવમાસ સંપૂર્ણ થયા બાદ સાડા સાત દિવસ વીત્યા પછી આપણા કુલમાં ધ્વજ સમાન, કુલમાં દીવા સમાન, કુલમાં પર્વત સમાન કુલમાં શેખર સમાન, કુલમાં તિલક સમાન, કુલની કીર્તી કરનાર, કુલને આનંદ આપનાર, કુલનો જશ કરનાર, કુલના આધારભૂત, કુલમાં વૃક્ષ સમાન, કુલની વૃદ્ધિ કરનાર, સુકુમાલ હાથ પગવાળા, ખોડ રહિત અને સંપૂર્ણ પંચેન્દ્રિય યુકત શરીરવાળા, યાવત્ ચંદ્ર સમાન સૌમ્ય આકારવાળા, પ્રિય, જેનું દર્શન પ્રિય છે એવા, સુન્દર રૂપવાળા, અને દેવકુમાર જેવી કાંતિવાળા પુત્રને જન્મ આપશો.

અને તે બાળક પોતાનું બાળકપણું મૂકી, વિજ્ઞ અને પરિણત મોટો થઇને યુવાવસ્થાને પામી શૂર, વીર, પરાક્રમી, વિસ્તીર્ણ અને વિપુલબળ તથા વાહનવાળો, રાજ્યનો ધણી રાજા થશે. હે દેવી ! તમે ઉદાર સ્વપ્ન જોયું છે, હે દેવી ! તમે આરોગ્ય, તુષ્ટિ અને મંગળકારક સ્વપ્ન જોયું છે—એમ કહી તે બલરાજા ઇષ્ટ મધુર વાણીથી પ્રભાવતી દેવીની બીજીવાર અને ત્રીજીવાર એ પ્રમાણે પ્રશંસા કરે છે. ત્યાર બાદ તે પ્રભાવતી દેવી બલ-રાજાની પાસેથી એ પૂર્વોકત વાત સાંભળીને અવધારીને, હર્ષવાળી અને સંતુષ્ટ થઈ હાથ જોડી આ પ્રમાણે બોલી—હે દેવાનુપ્રિય ! તમે જે કહો છો તે એજ પ્રમાણે છે. હે દેવાનુપ્રિય ! તેજ પ્રમાણે છે, હે દેવાનુપ્રિય ! એ સત્ય છે, હે દેવાનુપ્રિય ! એ સંદેહ રહિત છે, હે દેવાનુપ્રિય ! મને ઇચ્છિત છે, હે દેવાનુપ્રિય ! એ મેં સ્વીકારેલું છે, હે દેવાનુપ્રિય ! એ મને ઇચ્છિત અને સ્વીકૃત છે એમ કહી સ્વપ્નનો સારી રીતે સ્વીકાર કરે છે. સ્વીકાર કરીને બલ-રાજાની અનુમતિથી અનેક જાતના મણિ અને રત્નની રચનાવડે વિચિત્ર એવા ભદ્રાસનથી ઉઠે છે, ઉઠીને ત્વરા વિના ચપળતા રહિત ગતિવડે તે પ્રભાવતી દેવી જ્યાં પોતાની શય્યા છે ત્યાં આવી શય્યા ઉપર બેસે છે, બેસીને તેણે આ પ્રમાણે કહ્યું—“ આ મારૂં ઉતમ, પ્રધાન અને મંગળરૂપ સ્વપ્ન બીજાં પાપ સ્વપ્નોથી ન હણાઓ ” એમ કહીને તે પ્રભાવતી દેવી દેવ અને ગુરૂ સંબન્ધી, પ્રશસ્ત, મંગળરૂપ અને ધાર્મિક કથાઓવડે સ્વપ્ન જાગ-રણ કરતી કરતી વિહરે છે.

ત્યાર બાદ તે બલ રાજાએ કૌટુંબિક પુરૂષોને બોલાવી આ પ્રમાણે કહ્યું—હે દેવાનુપ્રિયો ! આજે તમે જલ્દી બહારની **ઊપસ્થાન શાળાને** સવિશેષપણે ગંધોદકવડે છાંટી, વાળી અને છાણથી લીંપીને સાફ કરો, તથા સુગંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ઉત્તમ પાંચ વર્ણના પુષ્પોથી શણગારો, વળી ઉત્તમ કાલાગુરૂ અને કીંદરૂના ધૂપથી ગંધવર્તિભૂત-સુગંધી ગુટિકા સમાન કરો, કરાવો, અને ત્યાર પછી ત્યાં સિંહાસન મૂકાવો, સિંહાસન મુકાવીને આ મારી આજ્ઞા પાછી આપો.' ત્યાર બાદ તે કૌટુંબિક પુરૂષો આજ્ઞાનો સ્વીકાર કરી તુરતજ સવિશેષપણે બહારની **ઉપસ્થાન શાલાને** સાફ કરીને આજ્ઞા પાછી આપે છે.

ત્યારબાદ તે બલ રાજા પ્રાતઃકાલ સમયે પોતાની શય્યાથી ઉઠીને પાદ-પીઠથી ઉતરી જ્યાં **વ્યાયામ શાળા** છે ત્યાં આવે છે. આવીને **વ્યાયામ શાળામાં** પ્રવેશ કરે છે, ત્યારપછી તે સ્નાનગૃહમાં જાય છે. વ્યાયામશાળા અને સ્નાનગૃહનું વર્ણન **ઔપપાતિક** સૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવું. ચંદ્રની પેઠે જેનું દર્શન પ્રિય છે એવો તે બલ નરપતિ સ્નાનગૃહથી બહાર નીકળે છે, બહાર નીકળીને જ્યાં બહારની ઉપસ્થાન શાળા છે, ત્યાં આવે છે, ત્યાં આવીને પૂર્વ દિશા સન્મુખ ઉત્તમ સિંહાસનમાં બેસે છે. ત્યારબાદ પોતાનાથી ઉત્તર પૂર્વ દિશામાં-ઇશાન કોણમાં ધોળા વસ્ત્રથી આચ્છાદિત અને સરસવવડે જેનો મંગલોપચાર કહેલો છે, એવા આઠ ભદ્રાસનો મુકાવે છે. ત્યાર બાદ પોતાનાથી થોડે દૂર અનેક પ્રકારના મણિ અને રત્નથી સુશોભિત, અધિક દર્શનીય, કીંમતી મોટા શહેરમાં બનેલી, સૂક્ષ્મ સુતરની સેંકડો કારીગરીવાળી વિચિત્રતાવાળી, તથા ઇહામૃગ અને બળદ વગેરેની કારીગરીથી વિચિત્ર, એવી અંદરની **જવનિકાને**-પડદાને ખસેડે છે, ખસેડીને ( જવનિકાની અંદર ) અનેક પ્રકારના મણિ અને રત્નોની રચનાવડે વિચિત્ર, ગાદી અને કોમળ ગાળમસુ-રીયાથી ઢંકાયેલું, શ્વેત વસ્ત્રવડે આચ્છાદિત, શરીરને સુખકર સ્પર્શવાળું તથા સુકોમળ એવું ભદ્રાસન પ્રભાવતી દેવી માટે મુકાવે છે. ત્યાર પછી તે બલ રાજાએ કૌટુંબિક પુરૂષોને બોલાવી આ પ્રમાણે કહ્યું:— (ચાલુ.)

## સૌભાગ્યપંચમી કથા

પાટણમાં સાગરગચ્છના ઉપાશ્રયમાં વિરાજતા પ્રવર્તક **કાન્તિવિજયજી મહારાજની** કૃપાથી આ કથાની પ્રતિ મળી હતી. પ્રતિ સાત પત્રની છે, અને સંવત્ ૧૭૮૦ માં લખેલી છે. કનકકુશલે રચેલી સંસ્કૃત " पंचमीकथा " નો આ ગૂજરાતી અનુવાદ છે. મૂળ કથા કનકકુશલે સંવત્ ૧૬૫૫ માં ઉના ગામમાં રચેલી છે.

ગૂજરાતી અનુવાદક કોણ છે તેનો કંઇ પત્તો મળતો નથી, પરંતુ કથાની ભાષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરથી લાગે છે કે કનકકુશલે સંસ્કૃત કથા રચી તેજ અરસામાં ગૂજરાતી ભાષાન્તર પણ કરવામાં આવ્યું હશે.[૧]

કનકકુશલ તપાગચ્છના વિજયસેનસૂરિના શિષ્ય[૨] હતા. તેમનાં પુસ્તકોના રચ્યા સંવતો ઉપરથી જણાય છે કે ૧૬૫૦ થી ૧૬૯૭ સુધીમાં તેઓ હયાત હતા. તેમના રચેલાં નીચેનાં પુસ્તકો ઉપલબ્ધ થયાં છે. ૧ दानप्रकाश ( सं. १६५६ ), ૨ रोहिणीकथा, ३ दीपालिकाकल्प, ४ चतुर्विंशतिजिनस्तोत्रवृत्ति, ५ भक्तामर स्तोत्र वृत्तिः ६ पंचमीकथा ( सं. १६५५ ), ७ હરિશ્ચન્દ્ર રાજાનો રાસ ( ગૂ. સ. ૧૬૯૭ ) વગેરે.

કારતક સુદ પાંચમનો મહિમા જૈન શાસ્ત્રોમાં ઘણો કહેલો છે. એ તિથિને 'જ્ઞાનપંચમી' અથવા 'સૌભાગ્ય પંચમી' કહેવામાં આવે છે. તે દિવસે ગ્રન્થભંડારોમાં હસ્ત લિખિત પુસ્તકોની મોટા દબદબા સાથે પૂજા કરી જ્ઞાનનું આરાધન કરવામાં આવે છે. એ વિષય ઉપર વરદત્ત અને ગુણમંજરીની કથા અહીં આપેલી છે. સત્તરમા સૈકાની શિષ્ટ ભાષાના નમુના તરીકે તે ઉપયોગી છે. જૂની ગૂજરાતીમાં પણ જોડણીની અવ્યવસ્થા અભ્યાસીને જણાયા વગર નહીં રહે.

॥ ૬૦ ॥ श्रीवीतरागाय नमः ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથઇં પ્રણામ કરીનઇં, ભવ્ય જીવના ઉપગારનઇં, કાજઇ કાતી શુદી પાંચમિનો મહિમા કહું છું, જિમ પૂર્વાચાર્યઇં શાસ્ત્રમાંહિં કહ્યો તિમ સકલ સંસાર માંહિ જ્ઞાન તે પરમ આધાર છઇં, પંચમ ગતિદાયક છઇં, તે માટિં પ્રમાદ મુકીનઇં વિધિસું જ્ઞાન આરાધવું, જિમ વરદત્ત રાજકુમાર અને ગુણમંજરીઇં આરાધ્યું તેહની પરિં તેહની કથા કહિઇં છઇં.

જંબુદ્ધીપના ભરષેત્રનઇ વિષઇ પદ્મપુરનામા નગર છઇં, શોભાઇં કરી દેવતાના નગરને જીતઇ છઇ. તિહાં અજીતસેન રાજા થયો, તેહની યશોમતી રાણી, સકલ કલાની ષાણી હુતી. તેહનો પુત્ર વરદત્ત રૂપલાવણ્યઇં શોભિત આઠ વરસનો થયો. પિતાઇં પંડિત પાસે ભણવા મોકલ્યો—ઉદ્યમ કરઇ—ભણાવઇ પણિ અષ્યર માત્ર મુખેં ન ચઢઇં, તો શાસ્ત્રની વાત વેગલી રહી. અનુક્રમઇં યૌવનવસ્થા પામ્યો. પાછિલા કર્મ્મના ઉદયથી કોઢઇ રોગઇ શરીર વિણઠું. કિહાઇ સાતા ન પામઇં.

હવઇ તેહજ નગરનઇં વિષઇં જિનધર્મરાગી, સપ્તકોડિસુવર્ણસ્વામી, સિહનામ નામા સેઠિ વસતો હવો. તેહની સ્ત્રી કપુરતિલકા નામઇં, શીલવતી, રૂપ-

૧ કોઇને શંકા થશે કે પ્રતિ તો ૧૭૮૦ માં લખેલી છે તો મૂલ ભાષા કયાંથી કાયમ રહી ? તેનું સમાધાન એ છે કે નકલ કરનારની ચીવટને લીધે ભાષામાં અર્વાચીનત્વ બહુ ઓછું આવવા પામ્યું છે.

૨ જૂઓ, સંસ્કૃત पंचमीकथाની પ્રશસ્તિમાં श्रीमत्तपगगनांगण दिनमणि, विजयसेनसूरीणां; शिष्याणुना कथेयं, विनिर्मिता कनककुशलेन......વગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વતી, સૌભાગ્યવતી હવી. તેહની પુત્રી ગુણમંજરી નામઇં, અદ્દભૂત વિનયવતી, પણિ કર્મેં કરી રોગઈં ઉપદ્રવી; અને વળી મૂંગી-બોલી ન સકઈં. પિતાઇં અનેક ઉપાય દીધા પણિ રોગ શમઇં નહીં. કોઇ વિવાહ પણિ ન કરઇં. સોલ વરસની થઇ. તેહનઇં દુખઇ કરી સમસ્ત કુટુંબ દુખીઉં થયું.

હવઈં તે નગરનેં વિષેં એક સમઇ ચ્યાર જ્ઞાનધરણહાર શ્રી વિજયસેન-સૂરિ આવ્યા. સર્વ નગરના લોક, પુત્ર સહિત રાજા, કુટુંબ સહિત સિંહદાસ સેઠિ વાંદવાનઇં અર્થે જાતા હવા. ત્રિણ પ્રદક્ષિણા લેઇ વિધિપૂર્વક વાંદી યથા-યોગ્ય ઠામઇં સહુ બેઠા. આચાર્યે દેશના દીધી, તિહાં જ્ઞાન–આરાધન વષાણું. તે જ્ઞાનને મનઇં કરી વિરાધઇ. તે આગલિં ભવિં શૂન્યમન અથવા સસંનિયા (?) થાઇં, વલી જ્ઞાનનેં વચનેં વિરાધઇં તે મુગા–મુખરોગી થાઈં, વલી જે જ્ઞાન કોઈં કરી વિરાધઇં તેહુને દુષ્ટ કુષ્ટાદિક રોગ થાઈં; અને ત્રિવિધ પ્રકારઈં વિરાધઇં તેહને પરભવિ પુત્ર, મિત્ર, કલત્ર, ધન, ધાન્ય, સૌભાગ્યાદિ સર્વનો નાશ થાઇ.”

ઇમ દેશના સાંભળી સિંહદાસ સેઠિ બોલ્યાઃ–“ હે ભગવન્, કુણ કર્મઇં માહરી પુત્રીનઇં શરીરઇં રોગ થયા ? ” ગુરૂ કહવા લાગાઃ–અરે મહાભાગ, સર્વ શુભાશુભ કર્મ્મથી નીપજઇ તે માટિં એહનો પૂર્વભવ સાંભળો.

ધાતકીખંડના ભરતનઇં વિષઈં ખેટક નામા નગર. તિહાં જિનદેવ સેઠ છઈં તેહની સુંદરી નામા સ્ત્રી છઇં; નામઈં અને રૂપઈં પણિ. તેહના ૫ પુત્ર આસ-પાલ, તેજપાલ, ગુણપાલ, ધર્મપાલ, ધર્મસાર નામઈં; વલી તેહનઈં ૪ પુત્રી છઇં. લીલાવતી, શિલાવતી, રંગાવતી, મંગાવતી એહવઇં નામઈં અનુક્રમઇં જિનદેવઈં ૫ પુત્ર પંડિત પાસેં વિદ્યા શિષવા મૂંકયા. તે પાંચ ભેલા મિલી ચપલાઇ કરઈં, જિમતિમ બોલઈં, ભણવું ન કરઇં; તિવારઈં પંડિત તેહનઈં શિક્ષા આપઈં, કાંબડી પ્રમુખ તે મારઈં. તિવારઈં રોતા થકાં તે ઘરિ આવિ માતા આગલિ દુખ કહઈં, તિવારઇં માતા કહઇં “ હે પુત્રો, ભણવાનું સૂં પ્રયોજન છે ? જે માટિં ભણ્યા મરઇ છઈં, અભણ્યા મરઈ છઇં, તે માટિ બિહુનઈં. મરણનું દુઃખ સમાન દેષીનઈં કંઠશોષ કુણ કરઇં ? તે માટિં મૂર્ષપણું ભલૂં.” ઇમ કહી પુત્રનઇં ભણુતા વાર્યા; પાટી, પોથી, જ્ઞાનોપગરણ બાલ્યાં, પંડિતનઈં પણિ ઉલંભો દીધો. પુત્રનઇં સીષવા “ જો કિહાઈં અધ્યારૂ સાહમો મિલઈં, ભણવાનું કહઈં તો પત્થર હણવો.” ઇમ સીષવ્યા.

તે વાત સેઠઈં સાંભળી, તિવારઇં સ્ત્રીનઇ કહવા લાગો. “ અરે સુભગે, મુર્ખ પુત્રનઈં કન્યા કુણ આપસ્યઇ ? વ્યવસાય કિમ કરસ્યઈં, પુત્રોનેં ન ભણા-વ્યા તેહનાં માતાપિતા વયરી જાણવાં. પંડિત–રાજહંસની સભામાંહિ તે મૂર્ખ–બગલાં ન શોભઈં ” ઇમ સેઠિનાં વચન સાંભલી સેઠાણી બોલી “ તુમેજ કાંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી ભણાવતા. માહરો દોષ કોઇ નથી. લોકપણિ ઇમજ કહઇ છઈ. વડ તેહવા ટેટા, બાપ તેહવા બેટા, જેહવો કુંભ તેહવી ઠીકરી, માતા તેહવી દીકરી.. ” એહવું કહતાં થકાં સેઠિને રીસ ચઢીઃ “ પાપીણિ, પોથીવાલી (?) પુત્ર મૂર્ષ રાખ્યા, વલી માહરો વાંક કાઢઈ છઇ ? ” સેઠાણી કહવા લાગી. “ તાહરો બાપ પાપી, જિણિ એહવો સીષવ્યો. ” ઇમ કલહઈ સેઠિનઇ મહારીસ ચઢી તિવારઇ માથા મધ્યે પાહણઇ આહણી મર્મસ્થાનકઈ લાગો. તે સ્ત્રી મરીને તાહરી પુત્રી થઇ, જ્ઞાનની આશાતના કીધી માટિં મૂંગી રોગવંત થઇ તિ માટિ કૃત–કર્મ્મનો ક્ષય વિગર ભોગવ્યાં ન થાઇ. ”

એહવી વાત સાંભળી ગુરૂમુખથકી, જાતીસ્મરણઈ પોતાનો ભવ દીઠો, ( ગુણમંજરી ) મૂર્છા પામી. સ્વસ્થ થઇ કહવા લાગી. “ હે ભગવન્, તુહ્મારૂ વચન સત્ય, મોટું જ્ઞાનમહિમા ” તિવારી સેઠ કહવા લાગાઃ–“ હે ગુરૂરાજ, એહના શરીરથી રોગ જાઈ તે ઉપાય કહો. ” તિવારઇ જ્ઞાન–આરાધન વિધિ દેષાડયો. “ અજૂઆલી પાંચમિ દિને ચઉવિહાર, પોસહ ઉપવાસ કરઈ; સાથિઓ આગલિ ભરઇ પાંચ વાટિનો ઘૃતમય દીવો અષંડ કરઇ, મેવા, પકવાન ફલ પાંચ પાંચ જાતિના સર્વ આગલિ ઢોઇ, પૂર્વ દિશિ તથા ઉત્તર દિશિ સાહમો બેસી “ ॐ ह्रीँ नमो नाणस्स ” એ પદ સહસ્ર સહસ્ર ગણઈ પવિત્ર થઇ પૂજા ત્રિસંધ્યે કરઈ; જો પોસહ કીધો હોય તો તે દિનઇ એતલો વિધિ ન કરી સકઇ તો બિજઇ દિનિ પારણુ કરઈ તે વિધિ સાચવીનઇ કરઇ પાંચ વરસ અને પાંચ માસ એ રિતિ કરઇ, જો માસઈ માસઈ ન કરી સકઇ તો કાર્ત્તિક શુદિ પાંચમ યાવજ્જીવ આરાધઇ, જ્ઞાનઇ શરીરની નીરોગતા પાવૈં; દેવલોક, અનુક્રમિં મોક્ષસુખ પામઇ પછઇ ઉજમણઇ ૫ પ્રાસાદ, ૫ જિનબિંબ. ૫ દેવકારાંછ, ૫ પાટી. ૫ પ્રતિ, ૫ ઠવણી, ૫ નોકરવાલી, ૫ રોમાલ ઇત્યાદિક પાંચ પાંચ વસ્તુની વિધે ઉજમણું કરઈ ”

એહવું સાંભળી તે તપ ગુણમંજરીઇ આદર્યો. ભલા વૈદ્યનું કહિઉં વચન જીવિતવ્યની આશાવંત પુરૂષ માનઇ તિમ માનીને આદરિઉં.

હવઇ એહવા અવસરનઇ વિષઈ રાજાઈ સાધૂ–પુરંદર પૂછયા. “ સ્વામિન્, માહરો પુત્ર વરદત્ત, તેહનઇ મૂર્ષપણું, કુષ્ટરોગ, કિસેં કર્મઇ થયો તે કૃપા કરી કહો. ” તિવારે તેહનો પાછલો ભવ ગુરૂ કહવા લાગ્યાઃ

“ એહ જંબૂદ્વીપ ભરતનેં વિષઇ શ્રીપુર નામા નગર છઇ, તિહાં વસુ-નામા સેઠિ વસઇ છઈ, મહર્દ્ધિક છઇ, તેહના પુત્ર બે; વસુદેવ અનઈ વસુસાર. એકદા સમયેં ક્રીડા કરવા વનમાં ગયા છઈ. તિહાં મુનિ સુન્દરસૂરિ જ્ઞાની ગુરૂ વાંદ્યા. તિહાં યોગ્ય જાણી દેસના સાંભળી. ” જે પ્રભાતિં તિ મધ્યાહ્ને નહી, જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યાહ્ને તે સંધ્યા નહી. જે સવારઇં સંસકર્યું. ધન્ય તે સાંઝઇં વિણસ્યઇં તે તેહના રસથી નીપની કાયા વિણસઇ તે માહિ સૂં કહવું ? ધર્મ્મ વિના મનુષ્યનો ભવ તો કૂતરાના પૂંછ સરિષો; જિમ કૂતરાનું પૂંછ દંત મસા રાષવા સમર્થ નહી, ગુહ્ય ઠામિ રાષવા સમર્થ નહી તિમ જાણવૂં."

ઇમ દેશના સાંભલી માતા પિતાને પૂછી બે ભાઇ વ્રત લેતા હવા, અનુક્રમેં લઘુતાઇં વસુદેવઇં બુદ્ધિરૂપ નાવઇં કરી સિદ્ધાંતસાગર અવગાહ્યો. અનુક્રમઇં આચાર્યપદ દીધૂં, પાંચસય સાધુનઇં વાચના આપઇ. એકદા સમયે સંથારઇં સૂતાં એક સાધુ પદ પૂછવા આવ્યો, તે પૂછી વલ્યો એતલઇ બીજો આવ્યો. ઇમ વારંવાર પૂછતાં નિંદ્રા કરવા ન પામ્યો. અરતિ ઉપની. તે કહવા લાગો જે "ધન્ય માહરો ભાઈ—મૂર્ખ સૂઇં છઇં. મૂર્ખ માહિ ઘણા ગુણ છઇં, તે માટિ કહ્યો છઇઃ સૂઈ નિચિંત, ભોજન બહુ કરઇં, નિરલજ, અહોનિસિ નિંદ્રા ધરઇં, કાર્ય-અકાર્ય વિચારઇં નહી, માન-અપમાન ગુણ જાણઇં નહી; એહવું મુર્ખપણું મુઝનેં હોઇ તો વારું. હવઇ પાછીલું ભણ્યું વિસારૂ, નવું ન ભણૂ. પૂછે તેહને ન કહૂં. ઇમ ચિંતવી મૌન કીધું તે બાર દિન લગઇં. આર્તધ્યાને તે પાપ અણલોયઇં મરીને તાહરો પુત્ર થયો. તે જ્ઞાનની આશાતના થકો મૂર્ખપણું પામ્યો, દુષ્ટરોગાક્રાંત થયો. આચાર્યનો વેડેરો ભાઇ માનસરોવરનેં વિષઇં હંસ બાલક થયો. કર્મની વિચિત્ર ગતિ છઇં."

એહવાં ગુરૂનાં વચન સાંભલી જાતિસ્મરણઇં ( વરદત્તઇં ) પોતાનો ભવ દીઠો, મૂર્છા પામી સ્વસ્થ થયો. કહિવા લાગો જે "સ્વામિન્, સત્ય તુહ્મારૂં વચન વિશ્વપ્રકાશક જ્ઞાન છે." તિવારે રાજા કહવા લાગા "હે ભગવન્, એહના શરીરથી રોગ કિમ જાઇં ? અને અમને સમાધિ કિમ થાઇ ?" તિવારઇં કરુણા સમુદ્ર આચાર્યઇ એહજ કાર્ત્તિક શુકલ પાંચમિનો તજાવજી દેષાડયો તે સર્વ પાછિલી કહિઉ તે રિતિ પાલિવાનું. ગુરૂ પ્રણમીનઇં સર્વ સ્વસ્થાનકેં ગયા.

તે પ્રધાન તપ કરતા વરદત્તનઇ સકલ રોગ રીસાવીનેં ગયા. અનુક્રમઇં સ્વયંવર મંડપઇં હજાર કન્યાનાં પ્રાણિગ્રહણ કીધાં. અશેષ કલા શિષી. અનુક્રમઇં વરદત્તનઇં રાજ્ય આપી પિતાઇ ગુરૂ પાસે ચારિત્ર લેઈ સુગતિ પામ્યા.

હવઇં વરદત્તરાજા ચિરકાલ લગઇ રાજ ભોગવી, પ્રતિ વર્ષેઇ પાંચમી તપ વિધિપૂર્વક આરાધીને પોતાના પુત્રનેં રાજ્યથાપીને પોતઇં દીક્ષા લેતા હવા.

હવઇં ગુણમંજરી પણ તે તપના મહિમા થકી નીરોગ થઈ, તિવારે જિનચંદ્ર સેઠિ પરણી, પિતાઇ કરમોચન વેલાઇ બહુધન આપ્યું અનુક્રમઇં ગૃહવાસના સુખ ભોગવી વિધઇં તપ આરાધી દીક્ષા સ્વીકારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બેહુ જણાં નિરંતર ચાર ચારિત્ર પાલી, કાલ કરી વિજયવિમાને દેવતા થયા. હવિં તિહાંથી ચવી વરદત્તનો જીવ જંબૂદ્રીપના મહાવિદેહઈં પુષ્કલાવતી વિજયા પુંડરીકિણી (નગરી), અમરસેન રાજા, ગુણવતી સ્ત્રી; તેહની કૂષિનઈં વિષેં આવી ઉપનો. ક્રમેં ગુણ, સુલક્ષણ–પુત્ર પ્રસવ્યો, સૂરસેન નામ આપ્યું. અનુક્રમઈં રૂપ લાવણ્ય–મંદિર બાર વરસનોં થયો. પિતાઈં શત કન્યાનું પાણિગ્રહણ કરાવ્યું. રાજ્ય આપી પિતા પરલોક પોહતા. એકદા સમયઈં સીમંધર સ્વામી સમોસર્યા; તિહાં પણિ પાંચમિ આરાધવાનો વિધિ કહતાં વરદત્તનો દષ્ટાંત દેષાડયો. તિવારે રાજા બોલ્યા. "વરદત્ત જે તુહ્મે કહ્યો તે કુણ?" તિહાં પ્રભુઈં સર્વ વૃત્તાંત કહિઉં. એહવાં અરિહંતનાં વચન સાંભલી ઘણા ભવ્ય જીવઈં પાંચમિ તપ આદર્યો. રાજાઈં પણિ વિશેષથી તપઈં સાવધાન થયો. દશ હજાર વરસ રાજ્ય પાલી, પુત્રનઈં રાજ્ય આપી, તીર્થંકર પાસે દીક્ષા લીધી. દશ હજાર વરસનું રાજ્ય, રૂપી ચારિત્ર પાલી, કેવલજ્ઞાન પામી મોખ્ય સુખ્ય પામ્યા.

હવઈં ગુણમંજરીનો જીવ વિજયવિમાનથી ચવી, જંબૂદ્રીપ વિદેહઈં રમણીય વિજયઈં શુભા નામ નગરી, તિહાં અમરસેન રાજાન, અમરવતી રાણી, તેહની કુષિનઈં વિષઈં ઉપનો. અનુક્રમઈં પ્રસવ થયો. સુગ્રીવ નામ થાપના કીધી અનુક્રમઈં વીસમઈં વરસઈં જોગ્ય જાણી પિતાઈં રાજ્ય આપી, પિતાઈં દીક્ષા ગ્રહી પરલોક સાધ્યો. હવઈં સુગ્રીવ રાજાઈં બહૂ કન્યાનું પાણિગ્રહણ કીધું, ચોરાસી હજાર પુત્ર થયા. અનુક્રમઈં પુત્રનઈં રાજ્ય આપી પોતાઈં દીક્ષા લેતા હવા. અનુક્રમઈં કેવલજ્ઞાન ઉપાર્જી, ઘણા જીવનઇ પ્રતિબોધી, એક પૂર્વલક્ષ ચારીત્ર પાલી, સર્વ્વ કર્મ્મ ક્ષય કરી મોક્ષ પોહતા. તે માટિં અધિક સૌભાગ્ય—**સૌભાગ્ય પંચમી** નામ થયું. ઇંમ બીજઇં પ્રાણીઈં પણિ એહની પરિ પાંચમનું તપ આરાધવો पंचमी कथा संपूर्णम् ॥ संवत् १७८० वर्षे कार्तिक शुदि २ रवौ आर्या रही वाचनार्थम् ॥

પાટણઃ ચાચરીયાઃ પકાનો માઢ<br>તા. ૧૫–૫–૧૯૩૧ શુક્રવાર

ભોગીલાલ જેચંદ સાંડેસરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર.

( ગતાંક પૃષ્ઠ ૯૨ થી શરૂ )

## સત્તરમો અધિકાર.

**પ્રશ્ન**—ભગવંતની પ્રતિમા પૂજવાથી પુણ્ય થાય છે એ કથન જરા પણ કેમ સંભવે ? અજીવથી ફલસિદ્ધિ કેવી રીતે થાય ?

**ઉત્તર**—અજીવની સેવાથી શું થાય એવી શંકા મનમાં બીલકુલ લાવવી નહિ. કેમકે જેવા આકારનું નિરીક્ષણ ( જોવું ) થાય તેવા આકાર સંબંધી ધર્મનું પ્રાયઃ મનમાં ચિંતવન થાય. સંપૂર્ણ શુભ અંગે વિરાજિત પાત્રકા ( પૂતળી ) જોવામાં આવતાં તે તાદશ ( તેવા પ્રકારના ) મોહનું કારણ થાય છે. કામાસનની સ્થાપનાથી કામીજનો કામક્રીડા સંબંધી વિકારોને અનુભવે છે. યોગાસનના અવલોકનથી યોગીઓની યોગાભ્યાસમાં મતિ થાય છે, ભૂગોળથી તદ્દગત ( તેમાં કાઢેલી) વસ્તુની બુદ્ધિ થાય છે. લોકનાલિથી લોકસંસ્થિતિ ( લોકની રચના ) સમજાય છે. કૂર્મચક્ર, અહિચક્ર, સૂર્યકાલાનલચક્ર, ચંદ્રકાલાનલચક્ર, અને કોટચક્ર એ આકૃતિયોથી અહા રહ્યા રહ્યા તત્સંબંધી જ્ઞાન થાય છે. શાસ્ત્ર સંબંધી વર્ણો ( અક્ષરો ) નો ન્યાસ ( સ્થાપના ) કરવાથી તે વર્ણો જોનારને શાસ્ત્રનો બોધ થાય છે. નંદીશ્વરદ્વીપના પટ ( નકશા ) થી તથા લંકાના પટથી તદ્દગત વસ્તુની ચિંતા થાય છે. એવી જ રીતે સ્વઇશની પ્રતિમા તેમના તે તે ( પ્રસિદ્ધ ) ગુણોની સ્મૃતિનું કારણ થાય છે. જે વસ્તુ સાક્ષાત્ દશ્ય ન હોય તેની સ્થાપના કરવાનું સંપ્રતિ ( હાલ ) લોકસિદ્ધ છે. અત્ર દૃષ્ટાંત. પોતાનો પતિ પરદેશ ગયો હોય ત્યારે સતી સ્ત્રી પતિની પ્રતિમાનું દર્શન કરે છે. રામાયણમાં સાંભળવામાં આવે છે કે, શ્રીરામચંદ્ર પરદેશ (વનવાસ) ગયા ત્યારે ભરત નરેશ્વર રામની પાદુકાના રામ પ્રમાણે પૂજા કરતા હતા. સીતા પણ રામની આંગળીની મુદ્રિકાનું આલિંગન કરી રામપ્રાપ્તિનું સુખ માનતી હતી. રામ પણ સીતાનું મૌલિરત્ન ( મુકુટરત્ન ) પામીને સીતા મળ્યા જેટલી રતિ ( સુખ ) માનતા હતા. આમાંના એક દૃષ્ટાંતમાં કોઇના શરીરનો આકાર નહોતો તેમ છતાં તે અજીવ વસ્તુઓથી તથા પ્રકારનું સુખ થતું હતું, ત્યારે ઈશ્વરની પ્રતિમા પણ સુખને માટે કેમ ન થાય ? પાંડવચરિત્રમાં લોકપ્રતીત પ્રસિદ્ધ વાત છે કે દ્રોણાચાર્યની પ્રતિમા પાસેથી લવ્ય નામના ભીલે અર્જુનના જેવી ધનુર્વિદ્યા સિદ્ધ કરી હતી. ચંચાદિક ( ક્ષેત્રમાં ઉભી કરવામાં આવતી પુરૂષાકૃતિ વગેરે ) અજીવ વસ્તુ છતાં ક્ષેત્રાદિની રક્ષા કરવામાં સમર્થ થાય છે. વળી લોકમાં મનાય છે કે અશોક વૃક્ષની છાયા શોક હરણ કરે છે, કલિ-( બહેડાં )ની છાયા લોકમાં કલહ માટે થાય છે, અજારજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( બકરીની ખરીયોથી ઉડતી ધુલ ) વગેરે પુણ્યહાનિ માટે થાય છે. અસ્પૃશ્ય ચંડાલ વગેરેની છાયા પણ ઉલ્લંઘાય તો પુણ્યની હાનિ કરે છે, સગર્ભા સ્રીની છાયા ઉલ્લંઘન કરનાર ભોગી પુરૂષનું પૌરૂષ હણે છે અને મહેશ્વરની છાયાનું ઉલ્લંઘન કરનાર ઉપર મહેશ્વરનો રોષ થાય છે. એ પ્રમાણે ઘણા પદાર્થ અજીવ છતાં સુખદુ:ખના હેતુ થાય છે ત્યારે દેવાધિદેવ-( પરમેશ્વર )ની પ્રતિમા પણ અજીવ છતાં અહીં સુખનો હેતુ કેમ ન થાય ? એવું પણ મા કહો કે પરમેશ્વરના દર્શનથી ભક્તના પાપનું હરણ થાય પણ પ્રતિમાની પૂજા કરવામાં આવે છે, તે અજીવ હોવાથી શું ફલ આપે ? પરમેશ્વરની પ્રતિમા અજીવ છતાં પણ તેને પૂજવાથી પુણ્ય ફલ જરૂર થાય છે. જેની જેવી જેવી અવસ્થા-ગુણ વિશિષ્ટ પ્રતિમા ચિત્તમાં હોય, તેના તે તે ગુણો તે પ્રતિમાથી સંપાદન થઇ શકે છે. લોકમાં મનાય છે કે ગ્રહોની પ્રતિમાના પૂજનથી તે સંબંધી ગુણો-ફલ થાય છે; સતીઓની, ક્ષેત્રાધિપની, પૂર્વજોની, બ્રહ્માની, મુરારિ ( કૃષ્ણ )ની, શિવની અને શકિતની સ્થાપનાને માનવાથી હિત અને નહિ માનવાથી અહિત થાય છે; સ્તૂપો ( મહાત્માઓના અગ્નિ સંસ્કારની જગોએ કરેલી દેરીઓ ) પણ તેવી રીતે ફલ આપે છે; રેવન્ત, નાગાધિપ, પશ્ચિમેશ અને શીતલાદિની પ્રતિમાના પૂજનથી પણ કાર્યસિદ્ધિ થાય છે; અને કાર્મણ તથા આકર્ષણ ( કામણ ટુમણ ) જાણનારા મદનાદિના નિર્જીવ પુતળા ઉપર જે જીવોનું નામ લેઇને વિધિ કરે છે તે જીવો તે વિધિથી મૂર્છિત થઇ જાય છે; તેવીજ રીતે સ્વઇશની પ્રતિમાની પ્રભુના નામ ગ્રહણ પૂર્વક પૂજા કરનાર કુશલ પુરૂષ જ્ઞાનમય પ્રભુને સંપ્રાપ્ત કરે છે. જેમ કોઇ સ્વામી પોતાના નોકરોને પોતાની મૂર્ત્તિનું બહુમાન કરતા જાણી તેમના ઉપર તુષ્ટિમાન્ થાય છે તેમ પરમેશ્વર પણ તેમની પ્રતિમાના અર્ચનથી અર્ચિત થતાં પ્રસન્ન થાય છે. એમ દલીલ ખાતર માનો-જો કે પરમેશ્વર તો સદા કાળ સર્વ ઉપર પસન્ન જ હોય.

**પ્રશ્ન**—ઉપર આપેલાં દૃષ્ટાંતોમાં અને દાષ્ટાન્તિકમાં મહાન્ વિશેષ-અતંર છે. જે દેવાદિ કહેવામાં આવ્યા છે તે સર્વ રાગી અને પૂજાનાં અર્થી છે ભગવાન્-પરમેશ્વર તેવા નથી. તેનું કેમ ?

**ઉત્તર**—ત્યારે તો અતીવ ( ઘણું જ ) ઉત્તમ અનીહ ( સ્પૃહા રહિત ) ની સેવા તો પરમાર્થની સિદ્ધિ માટે થાય છે. જેમકે સ્પૃહા રહિત સિદ્ધ પુરૂષની સેવા ઇષ્ટલબ્ધિ માટે થાય છે ( ઇચ્છિત વસ્તુ મેળવી આપે છે ).

**પ્રશ્ન**—સિદ્ધ પુરૂષ તો સાક્ષાત્ વર આપે છે અને પરમેશ્વરની પ્રતિષ્ઠિત પ્રતિમા તો અજીવ હોય છે તે શું આપી શકે ?

**ઉત્તર**—પરિપૂજનીય દ્રવ્યમાં ( પૂજવા યોગ્ય વસ્તુની બાબતમાં ) એ વિચાર જોવાનો નથી. જે પૂજ્ય હોય તે પૂજાય છે જ. દક્ષિણાવર્ત્ત ( શંખાદિ ), કામકુંભ, ચિંતામણી અને ચિત્રાવલ્લી એમાં કઇ ઇંદ્રિયો છે કે તે પૂજાતાં લોકોનું મન-ધારેલું કરે છે ? જેમ એ અજીવ વસ્તુઓ હોવાથી સ્પૃહારહિત છતાં સ્વભાવથી પ્રાણી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓના કામિત ( ધારેલી વસ્તુ ) ને પૂરે છે તેમ પરમેશ્વરની પ્રતિમા પણ પૂજાતાં પુણ્યસિદ્ધિ માટે થાય છે.

**પ્રશ્ન**—દક્ષિણાવર્ત્ત પ્રમુખ પદાર્થો અજીવ છતાં પણ વિશિષ્ટ જાતિના અને દુર્લભ છે તેથી તેમનું આરાધન કરનાર પ્રાણીઓનું ધાર્યું તે કરે છે. પણ પરમેશ્વરની પ્રતિમા તેવી નથી, તે તો સુલભ પાષાણાદિની બનાવેલી હોય છે એટલે તે એમના સદૃશ શી રીતે થાય ?

**ઉત્તર**—જે વસ્તુ મૂલ સ્વભાવથી ગુણયુક્ત પ્રતીત હોય તેના કરતાં પણ પંચકૃત (પંચે માનેલી-સ્થાપેલી) વસ્તુ વિશેષ ગુણાઢ્ય ( ગુણવાલી ) ગણાય છે. અત્ર દૃષ્ટાંત. કોઇ રાજપુત્ર પ્રાયઃ વીર્યાદિ ગુણનું સ્થાન હોય તેને પડતો મુકી બીજા કોઇ દુર્બલ વંશમાં ઉત્પન્ન થયેલા પુરૂષને તેના પુણ્યના યોગે પ્રમાણિક *પંચો રાજ્ય ઉપર બેસાડે તો તે બીજો પુરૂષ મૂલના રાજવંશીય ઉપર પણ શાસન-હુકમ ચલાવે છે અને જો તે તેનું કહ્યું કરતો નથી તો ×નંદરાજાની પેઠે શિક્ષા પામે છે, હવે મનથી વિચાર કરો કે મૂલનો રાજપુત્ર ગુણી અને યોગ્ય છતાં પણ ક્ષુદ્ર કુલમાં ઉત્પન્ન થયેલ રાજા પંચ-પૂજીત ( માન્ય ) હોવાથી સેવવા યોગ્ય થાય છે, તેજ પ્રમાણે ચિંતામણિ વસ્તુ નિજ સ્વભાવથી ઉત્તમ છતાં પણ પરમેશ્વરની પ્રતિમા પ્રામાણિક પંચોથી પૂજીત હોવાથી પૃથ્વી ઉપર વિશેષ માન્ય થાય છે. જુઓ વરરાજા, મહાજન, દત્તપુત્ર અને એવી બીજી બાબતોમાં પંચ જેને ભાગ્યની પ્રેરણાથી સંસ્થાપિત કરે છે. તેજ માન્ય થાય છે. તેમજ સ્વ પૂજાર્હ ( સૌભાગ્ય નામ ? ) કર્મના પ્રભાવથી પરમેશ્વરની જે પ્રતિમા સ્થાપવામાં આવી હોય તે પૂજવા યોગ્ય થાય છે.

ઉપર જે પદાર્થો કહેવામાં આવ્યા છે તે આકારયુક્ત હોવાથી તેમની આકૃતિને અન્તરાત્મામાં ધારણ કરીને તેમના બિંબ ( મૂર્ત્તિ ) ની પૂજા કરવામાં આવે છે તે યુક્ત છે પણ ભગવાન્ તો નિરાકાર પ્રસિદ્ધ છે એટલે તેમનું બિંબ કરીને કેવી રીતે પૂજાય ? એમ કરવાથી અતદ્ વસ્તુમાં તદ્ગ્રહનો ( અભગવંતમાં આ ભગવાન્ છે એવી બુદ્ધિ કરવાનો ) દોષ કેમ ન લાગે ?

નિરાકાર ભગવંતનું બિંબ તો અવતારાકૃતિની રચના છે. અર્થાત્ મહાત્માઓએ ભગવંતનો સંસારમાં અવતાર ( છેલ્લો ભવ ) જેવો થયો હતો તેવી ભગવંતની સ્થાપના કરેલી છે અને ભગવંતની જે જે અવસ્થા જેમને રૂચી તે અવસ્થામાં તેના અર્થીઓ ભગવંતને પૂજે છે. ( ચાલુ )

* આ કથન જે દેશકાળમાં પંચોની સત્તા સર્વોપરિ-પંચ ત્યાં પરમેશ્વર એવી મનાતી હોય તેને લાગુ છે.

× નંદ નામના નવ રાજા પાટલીપુત્રમાં રાજ્ય કરતા હતા. નંદને ચાણાક્યાદિએ રાજ્ય ઉપરથી દૂર કરી ચંદ્રગુપ્તને ઇ. સ. પૂર્વે ૩૧૫ માં ગાદિએ બેસાડયો હતો અને તેણે નવમાં નંદને મારી નાંખ્યો હતો. —ઇતિહાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશ્નોત્તરો.

( રાજપ્રશ્નમાંથી ઉદ્ધૃત )

લેખક—સદ્ગુણાનુરાગી મુનિશ્રી કપૂરવિજયજી મહારાજ.

પ્ર—કેવો બોધ પામવો જોઇયે ?

ઉ—જેનાથી સમાધિ મરણની પ્રાપ્તિ થાય.

પ્ર—સર્વ કાળનાં અસમાધિ મરણ કેમ ટળે ?

ઉ—એકવાર પણ સમાધિ મરણ પ્રાપ્ત થઈ શકવાથી.

પ્ર—કોનું પદ સર્વોત્તમ છે ?

ઉ—સર્વ સંગ પરિત્યાગીનું.

પ્ર—જીવ અનાદિ કાળથી કેમ રખડયા કરે છે ?

ઉ—સ્વચ્છંદના વશ થઇ સત્પુરૂષની આજ્ઞાના વિરહે.

પ્ર—આત્મસ્વરૂપને આવરણ કરનાર મુખ્યતાએ શું છે ?

ઉ—અતત્ત્વ શ્રદ્ધા અને કુસંગ.

પ્ર—સર્વ પરમાર્થના સાધનમાં પરમ સાધન કયું છે ?

ઉ—સત્સંગ, સત્પુરૂષના ચરણ સમીપે વાસ બધા કાળમાં તેનું દુર્લભપણું છે અને આવા વિષમ કાળમાં તેનું અત્યન્ત દુર્લભપણું જ્ઞાની પુરૂષોએ જાણ્યું છે.

પ્ર—જીવનાં થોડાંક સ્પષ્ટ લક્ષણ જણાવો.

ઉ—જ્ઞાયકતા, વેદકતા, સમતા, ચૈતન્ય, રમ્યતાદિક.

પ્ર—મુમુક્ષુ જન અલ્પકાળમાં આત્મસાધન શી રીતે કરી શકે ?

ઉ—સત્સંગ યોગે ઉલ્લસિત પરિણામે રહેવાથી

પ્ર—સત્સંગના અભાવે સમ પરિણતિ રહી શકે ?

ઉ—સમપરિણતી રહેવી અત્યન્ત વિકટ છે. તથાપિ એમ કરવામાં જ આત્મ સાધન રહેલું છે તે માટે જેમ બને તેમ નિરૂપાધિવાળાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ને ભાવનું સેવન કરવું જરૂરનું છે.

પ્ર—મુમુક્ષુ જીવને શાનો ભય અને વિચાર તથા શી ઇચ્છા હોય ?

ઉ—મુમુક્ષુ જીવને અજ્ઞાન સિવાય બીજો ભય હોય નહીં. તેની નિવૃત્તિ થાય એવી એક ઇચ્છા વર્તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર—મહાત્માઓની રૂદ્ધિ શી રીતે પ્રાપ્ત થઈ શકે ?

ઉ—આત્મા વિનીત બની, સરલ અને લઘુત્વ ભાવ પામી, સત્પુરૂષની ચરણુ ઉપાસના અનન્યપણે એકનિષ્ટાથી કરે તો તેવી રૂદ્ધિને પામી શકે.

પ્ર—જીવને મોક્ષ કેમ થયો નથી ?

ઉ—અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઇ નથી અને કાંતો સત્પુરૂષની ચરણુ-સેવા મળી નથી. નહીં તો મોક્ષ પામવો હથેળીમાં છે એ નિશ્ચય છે.

પ્ર—મૈત્રી ભાવના એટલે શું ?

ઉ—જગતના સહુ જીવો પ્રત્યે નિર્વૈર બુદ્ધિ.

પ્ર—પ્રમોદભાવના એટલે શું ?

ઉ—કોઇ પણુ આત્માના ગુણુ જોઇ હર્ષ પામવો.

પ્ર—કરૂણુ ભાવના એટલે શું ?

ઉ—સંસાર તાપથી દુઃખી આત્માનું દુઃખ જોઇ અનુકંપા આવવી.

પ્ર—ઉપેક્ષા ભાવના એટલે શું ?

ઉ—નિસ્પૃહ ભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિત કરવું. ઉકત ભાવનાઓ કલ્યાણુમય અને પાત્રતા આપનારી છે.

પ્ર—શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે કે મર્મ ?

ઉ—માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી.

પ્ર—મર્મ કયાં રહ્યો છે ?

ઉ—સત્પુરૂષોના અંતરાત્મામાં રહ્યો છે.

પ્ર—ધર્મનો રસ્તો કેવો છે ?

ઉ—ધર્મનો રસ્તો સરલ, સ્વચ્છ અને સહજ છે, પણુ તે વિરલ આત્માઓ પામી શકે છે.

પ્ર—પરમાત્માને ધ્યાવાથી શું ફળ, અને તેનું ધ્યાન કેમ પ્રાપ્ત થઇ શકે ?

ઉ—પરમાત્માને ધ્યાવાથી પરમાત્મા થવાય; પરન્તુ તેવું ધ્યાન સત્પુરૂષની ચરણુકમળની વિનયોપાસના વગર પ્રાપ્ત થઇ શકતું નથી,

પ્ર—આ કાળમાં અહીં શુકલ ધ્યાનની પ્રાપ્તિ થવી સંભવિત છે ?

ઉ—અહીં તેની પ્રાપ્તિ અસંભવિત છે.

પ્ર—આ કાળમાં ધર્મધ્યાનની પ્રાપ્તિ કયા સાધનોથી થઇ શકે છે ?

ઉ—આ કાળમાં રૂપાતીત સુધી ધર્મધ્યાનની પ્રાપ્તિ કેટલાક સત્પુરૂષોને સહજ સ્વભાવે, કેટલાકને સદ્‌ગુરૂરૂપ નિરૂપમ નિમિત્તથી અને કેટલાએકને સત્સંગ આદિ અનેક સાધનોથી થઈ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર—ચોથે ગુણઠાણે આવેલો આત્મા પાત્રતા પામ્યો લેખાય ?

ઉ—તેવો આત્મા પાત્રતા પામ્યો લેખાય.

પ્ર—ત્યાં ધર્મધ્યાનની મુખ્યતા છે કે ગૌણતા ?

ઉ—ગૌણતા છે.

પ્ર—પાંચમે ગુણઠાણે ધર્મધ્યાનની શી સ્થિતિ છે ?

ઉ—મધ્યમ ગૌણતા છે.

પ્ર—છઠે ગુણઠાણે તેની શી સ્થિતિ છે ?

ઉ—મુખ્યતા પણ મધ્યમ છે.

પ્ર—સાતમે ગુણઠાણે તેની શી સ્થિતિ છે ?

ઉ—તેની મુખ્યતા છે.

પ્ર—સર્વ કરતાં કયું જ્ઞાન શ્રેષ્ટ છે ?

ઉ—આત્મજ્ઞાન.

પ્ર—આત્મજ્ઞાન કેમ પમાય ?

ઉ—જેમ જેમ ઉપયોગની શુદ્ધતા થાય તેમ તેમ.

પ્ર—તે માટે કેવી દૃષ્ટિની અગત્ય છે ?

ઉ—નિર્વિકાર દૃષ્ટિની અગત્ય છે.

પ્ર—સત્પુરૂષોનાં ચરિત્ર કેવાં હોય છે ?

ઉ—દર્પણરૂપ હોય છે.

પ્ર—બુદ્ધ અને મહાવીરના બોધમાં કેવો તફાવત છે ?

ઉ—મહા તફાવત છે.

પ્ર—ધર્મ વસ્તુ કેમ રહી છે, અને કેમ મળે ?

ઉ—એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. બાહ્ય સંશોધનથી નહીં, પણ અપૂર્વ અંતર સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે પણ કોઈ મહાભાગ્ય સદ્ગુરૂ અનુગ્રહે પામે છે.

પ્ર—સત્પુરૂષો શેમાં પ્રયત્ન કરે છે ?

ઉ—સ્વ-પર હિતમાં વૃદ્ધિ થવા પામે તેવો શુભ પ્રયત્ન તેઓ અહોનિશ કર્યા કરે છે.

પ્ર—મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કોની ઘટે છે ?

ઉ—એક આત્મજ્ઞાનીની અને એક તેની નિશ્રાવંતની. એ બેની મોક્ષ પ્રવૃત્તિ સફળ લેખાય.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ ૧૦૩ થી શરૂ )

અનુવાદકઃ—વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

## વૃત્તિયો પાંચ પ્રકારની હોય છેઃ—

(૧) મનોવૃત્તિ, (૨) બુદ્ધિવૃત્તિ, (૩) સાક્ષીવૃત્તિ, (૪) અખંડાકારવૃત્તિ, (૫) અખંડ એકરસવૃત્તિ. એ પાંચ પ્રકારની વૃત્તિઓ છે.

આમાં પહેલી તો વાસનાત્મક મનમાં જ રહે છે, અને બાકીની ચાર સાત્વિક મનમાં રહે છે. મનોવૃત્તિ સાંસારિક માણસોની વિષયાકાર વૃત્તિ છે. બુદ્ધિવૃત્તિ વિવેકી પુરૂષોની હોય છે. જો આપણને સાક્ષીવૃત્તિ પ્રાપ્ત થઇ હોય તો આપણે મનના વિકાર પ્રત્યક્ષ જોઇએ છીએ. જ્યારે આપણે અનુભવ કરવા લાગીએ છીએ કે હું પોતે એક વ્યાપક આત્મા છું તે સમયે અખંડાકારવૃત્તિ ઉત્પન્ન થાય છે, તેને બીજા શબ્દોમાં બ્રહ્માકારવૃત્તિ કહે છે. વસ્તુતઃ બ્રહ્મમાં તો કોઈ વૃત્તિ જ નથી હોતી.

આસન પણ વસ્તુતઃ માનસિક હોય છે. માનસિક પદ્માસન અથવા માનસિક સિદ્ધાસનની ચેષ્ટા કરો. જો મન ભટકયા કરતું હોય છે તો આપણે શરીરને સ્થિર નથી રાખી શકતા અને દૃઢ શારિરિક સ્થિતિને પ્રાપ્ત કરી શકતા નથી. એ મન સ્થિર થઇ જાય તો શરીરની સ્થિરતા યંત્રવત્ આપોઆપ થઇ જશે.

અત્તર વગેરેની સુગંધ, સુકોમળ શય્યા, વાર્તાના પુસ્તકો, નાટક, સિનેમા, ગાયન, નાચ, ફુલોના ગજરા, સ્ત્રીઓનો સહવાસ, રાજસિક ભોજન, આ સર્વ વાસનાને ઉત્તેજીત કરે છે અને મનમાં અશાંતિ ઉત્પન્ન કરે છે. વધારે લવણ, વધારે તેલ મરચાં, વધારે મિષ્ટાન્ન ખાવાથી તરસ જોર કરે છે અને ધ્યાનમાં વિઘ્ન થાય છે. વધારે વાતચીત, વધારે હરવું, ફરવું અને વધારે મળવું હળવું એથી પણ ધ્યાનમાં બાધા થાય છે. આહારનો મનની સાથે ઘણો જ ગાઢ સંબંધ છે અને મનને ઘડવામાં એનો ખાસ હાથ રહેલો છે. સાત્વિક ભોજન મનને શાંત કરે છે. રાજસ આહાર મનને ઉત્તેજીત કરે છે. વાઘ જનાવરોનું માંસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાઇને જીવે છે તથા હાથી અને ગાય ઘાસ ઉપર નિર્વાહ કરે છે. તેના સ્વભાવમાં કેટલો તફાવત છે ?

હઠયોગી પોતાના સાધનનો પ્રારંભ શરીર તથા પ્રાણથી કરે છે. રાજ-યોગનો સાધક મનના અભ્યાસથી સાધનનો પ્રારંભ કરે છે. જ્ઞાનયોગી બુદ્ધિ તથા આત્માની મદદથી સાધન કરે છે.

મનને છઠ્ઠી ઇન્દ્રિય કહેલ છે. " मनः षष्ठानीन्द्रियाणि " અર્થાત્ જ્ઞાનેન્દ્રિયોમાં મન છઠ્ઠું છે. બાકીની પાંચ ચક્ષુ, ત્વચા વિગેરે પાંચ ઇન્દ્રિયો છે. મન આઠ પ્રકૃતિઓમાં એક છે.

વધારે ઉંચા મનનો થોડા ઉંચા મન ઉપર કેવો પ્રભાવ પડે છે તે પર ધ્યાન આપો. કોઇ મહાપુરૂષની સન્મુખ બેસવામાં કેવી સ્થિતિ થાય છે તેનું વર્ણન કરવું અશક્ય છે. જો કે તે એક પણ શબ્દ નથી બોલતા તોપણ તેમની સામે બેસવામાં જ દિલ કંપે છે. તે વખતે આપણને જણાય છે કે આપણા ઉપર કોઇ નવિન પ્રભાવ પડી રહ્યો છે, આ એક અદ્ભુત અનુભવ છે.

જ્ઞાની મનુષ્ય પોતાની જાતને પરમાત્માની સાથે અભેદરૂપે જુવે છે અને પોતાનાં મન તથા શરીરને કેવળ વ્યવહારનાં સાધન સમજે છે. અજ્ઞાની માણસ પોતાને શરીરની સાથે તદ્રુપ સમજે છે.

ઘણાય મનુષ્યો મનના અસ્તિત્વ તથા તેના ક્રિયા–કલાપથી પરિચિત નથી હોતા. એટલે સુધી કે અનેક શિક્ષિત કહેવાતા સજ્જનો, મન શું છે, તેનો શું સ્વભાવ છે અને તેની શી ક્રિયાઓ છે એ જાણતા જ નથી. તેઓએ તો માત્ર મનશબ્દ સાંભળ્યો હોય છે. કેવળ યોગીજનો તથા જેઓ ધ્યાન અને સ્વતંત્ર અંતઃપ્રેક્ષણાનો અભ્યાસ કરતા હોય છે તેઓ મનનું અસ્તિત્વ, તેનો સ્વભાવ અને સૂક્ષ્મ કર્મો જાણે છે. તેઓ મનને વશ કરવાના જુદા જુદા સાધનો પણ જાણતા હોય છે. પાશ્ચાત્ય માનસ શાસ્ત્રવેત્તા પણ કંઇક જાણે છે.

પાશ્ચાત્ય ચિકિત્સક ( ડૉકટર ) મનના વિષયમાં કેવળ એટલું જ જાણે છે કે તે તંતુઓની જાળ છે. જે બાહ્ય વિષયોનું સંવેદન મેરૂદંડ સુધી પહોંચાડે છે. ત્યારે સંવેદન માથાના પાછલા ભાગમાં રહેલી મજ્જાઓમાં પહોંચે છે જ્યાંથી નાડીઓ વિખરાય છે. ત્યાંથી માથાના આગલા ભાગમાં રહેલા મગજના પ્રધાન ક્રિયાત્મક કેન્દ્રમાં પહોંચે છે. જેને મન અથવા બુદ્ધિનો આવાસ કલ્પવામાં આવે છે. મન તે સંવેદનનો અનુભવ કરે છે અને ક્રિયાત્મક શક્તિને ક્રિયાશીલતન્તુઓદ્વારા હાથ પગ વિગેરે બાહ્ય પ્રાન્તોમાં મોકલે છે. સંવેદનને માટેની એ બધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયાઓ મગજદ્વારા થાય છે. જેવી રીતે યકૃત્‌થી પિત્તની ક્રિયાઓ થાય છે. પાશ્ચાત્ય ડૉકટર મનના યથાર્થ સ્વભાવ તથા ક્રિયાથી પરિચિત નથી હોતા. તેઓ અત્યારે તો અંધારામાં ભટકનાર આંધળાની જેવા છે. હિન્દુઓના દાર્શનિક ભાવો સમજવા માટે તેઓના મગજમાં બળવાન બુદ્ધિની જરૂર છે.

સૌથી પહેલાં સ્થૂળ ચક્ષુ કારણ અથવા તો સાધન છે. તે ઐન્દ્રિય સંસ્કારોના કેન્દ્રની તરફ ઇન્દ્રિયોને પ્રદાન કરે છે. ત્યારે મન, ઇન્દ્રિયો તથા બાહ્ય સાધનો-ભૌતિક આંખ, કાન વગેરેની સાથે જોડાય છે. મન તે સંસ્કારોને આગળ વધારે છે અને તેઓને બુદ્ધિની સામે ઉપસ્થિત કરે છે, જે વિચાર કરે છે, પ્રતિક્રિયા કરે છે, ત્યારે અહંકારની ભાવના જાગે છે. જે આત્માભિમાન પ્રકટ કરે છે તથા અભેદભાવ બતાવે છે. તે પછી ક્રિયા તથા પ્રતિક્રિયાનું એ મિશ્રણ પુરૂષની સન્મુખ ઉપસ્થિત થાય છે. જે વસ્તુતઃ જીવ છે અને તે મિશ્રણમાં વિષયને પ્રત્યક્ષ કરે છે. પ્રત્યક્ષ જ્ઞાનનું વાસ્તવિક અધિષ્ઠાન પુરૂષ છે જેને પાશ્ચાત્ય ડૉકટર અને માનસશાસ્ત્રવેત્તા નથી જાણતા. ત્યારપછી બુદ્ધિ ઉપયોગી નિર્ણય અને નિશ્ચય તથા ઉપસ્થિત વિષયની પુરી પિછાણ કરી લે છે અને પછી મનને તે કાર્યાન્વિત કરવાની આજ્ઞા કરે છે. બુદ્ધિ જ પ્રધાન મંત્રી અને ન્યાયાધીશ છે જે મનરૂપી એડવોકેટનું બ્યાન સાંભળે છે. મનને બે પ્રકારનું કાર્ય કરવું પડે છે. એક તો એડવોકેટ ( વકીલ ) નું અને બીજું કમાન્ડર ઇન ચીફ ( મુખ્ય સેનાપતિ ) નું, બુદ્ધિના નિશ્ચયની થયેલી આજ્ઞા પ્રાપ્ત કરીને મન કમાન્ડર ઈન ચીફનું કાર્ય શરૂ કરી દે છે અને બુદ્ધિની આજ્ઞાને પોતાના પાંચ સીપાઇઓદ્વારા કાર્યાન્વિત કરાવે છે. એ પાંચ સિપાઇ તે પાંચ કર્મેન્દ્રિયો છે. આ પ્રમાણે હિન્દુ દર્શનમાં સઘળી વાતો સ્પષ્ટતાથી બતાવવામાં આવી છે.

ધ્યાનને વખતે મનની સાથે કુસ્તી ન કરો. એ એક મોટી ભૂલ છે. અનેક નવા અભ્યાસી એ મોટી ભૂલ કરી બેસે છે, તેઓ જલ્દી થાકી જાય છે. તેનું પણ એજ કારણ છે. તેઓનું માથું દુઃખવા લાગે છે તથા મેરૂદંડના સ્નાયુકેન્દ્રમાં ઉત્તેજના થવાને લઇને તેઓને વારંવાર મૂત્રત્યાગ માટે ઉઠવું પડે છે. સુખપૂર્વક પદ્મ, સિદ્ધ, સુખ અથવા સ્વસ્તિક આસને બેસો. વાસનાત્મક મનને શાંત કરી દો. આંખો બંધ કરો. બ્રાહ્મ મુહૂર્તમાં ચાર વાગે ઉઠો મનમાં માત્ર પરમાત્મભાવનાને પ્રવેશ કરવા દો. ધીમે ધીમે બીજી બાહ્ય સાંસારિક ભાવનાઓને બહાર કાઢો. વારંવાર ૐ अर्हम् જપ કરતાં કરતાં પરમાત્માકારવૃત્તિ સતત્ બનાવી રાખવાનો પ્રયત્ન કરો. અનંતની ભાવના, પ્રકાશના સિન્ધુની ભાવના, પૂર્ણજ્ઞાન તથા પૂર્ણાનન્દની ભાવના ૐ ના માનસિક જપની સાથોસાથ થવી જોઇએ. છતાં મન ભટકે તો સાડા ત્રણ માત્રાના દીર્ઘ પ્રણવનો છ વાર જપ કરો. એ ક્રિયા વિક્ષેપ તથા બીજા વિઘ્નોને દૂર હઠાવી દેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનની કામનાજ આ શરીરની રચના કરે છે. જે પ્રકારના સંસ્કાર હોય છે તેવી જ કામના મનમાં ઉઠે છે. જો સંસ્કાર સારા અને ધાર્મિક હોય તો કામનાઓ પણ સારી જ ઉઠશે. અને જો કામનાઓ સારી હોય છે તો સંસ્કાર પણ સારા જ પડશે. બુદ્ધિ પણ કર્માનુસાર બને છે. પવિત્ર ધર્મશાસ્ત્રોના ઉપદેશાનુસાર વિચારોને બીજા કર્મમાં પ્રવૃત્ત કરવાનો વારંવાર પ્રયત્ન કરીને તેને વિશેષરૂપે બનાવવાની જરૂર છે. કામનાઓથી વિચાર ઉત્પન્ન થાય છે અને વિચાર કાર્યરૂપમાં પરિણમે છે. એક ખરાબ કામના ખરાબ વિચાર અને ખરાબ કર્મને ઉપસ્થિત કરે છે. હમેશાં ધાર્મિક કર્મ, દાન, તપ, જપ, દમ, ધ્યાન, ધર્મગ્રંથોનો સ્વાધ્યાય કરો. શાસ્ત્રોદ્ધારા નિષિદ્ધ કર્મોનો ત્યાગ કરો. હમેશાં સત્સંગ કરો. એ અત્યંત ઉપયોગી છે. મનમાંથી ખરાબ સંસ્કારો બદલવાનો એ એક જ ઉપાય છે. પરમાત્માની પ્રાપ્તિ માટે દૃઢ સંકલ્પ કરો. એનાથી સઘળી સાંસારિક કામનાઓ નષ્ટ થઈ જશે.

માનસિક કર્મ એજ વાસ્તવિક કર્મ છે. વસ્તુતઃ વિચાર એજ કર્મ છે. વિચાર એક ગત્યાત્મક શક્તિ છે. વિચાર સંક્રામક બને છે. દ્વેષનો વિચાર એમાં પણ દ્વેષ ઉત્પન્ન કરે છે, જે તમને ઘેરી લે છે. આનંદનો વિચાર સહાનુભૂતિદ્વારા બીજામાં પણ આનંદના વિચાર ઉત્પન્ન કરે છે. એજ સ્થિતિ ઉન્નત અને ઉત્કર્ષપ્રદ વિચારોની છે, તેનાથી અશુભ વિચારો નષ્ટ થઇ જાય છે. અશુભ વિચારથી ઉલ્ટી ક્રિયા કરવામાં ઉત્તમ વિચાર અત્યંત મહત્વના છે.

ગંભીર ધ્યાનવડે સમાધિ અર્થાત્ પરમાત્માની સાથે એકત્વની પ્રાપ્તિ થાય છે. મન પોતાનું વ્યક્તિત્વ નષ્ટ કરીને ધ્યેય વસ્તુની સાથે એકાકાર થઇ જાય છે અર્થાત્ તચ્ચિત્, તન્મય તદાકાર, થઇ જાય છે. મન આત્માથી પૂર્ણ થઇ જાય છે. આત્મવાન અવસ્થાને પ્રાપ્ત કરે છે. ધ્યાન કરતી વખતે મનની અંદર જે ત્રણ પ્રકારની ક્રિયાઓ થાય છે તેના ઉપર ધ્યાન આપો. તે વિચાર, અનુભવ તથા તદ્રુપતા છે. સમાધિદશામાં તો નથી રહેતું ધ્યાન કે નથી રહેતો ધ્યાતા. ત્રિપુટી અંતર્હિત થઇ જાય છે. ધ્યાતા પોતાના વ્યક્તિત્વને પરમાત્મામાં વિલીન કરી દે છે અને અંતે ભગવાનના હાથનું સાધન માત્ર બની જાય છે. જ્યારે તે મ્હોં ખોલે છે ત્યારે વગર પ્રયાસે; વગર વિચાર્યે સહજ જ્ઞાનદ્વારા ભગવાનની વાણી બોલવા લાગે છે. જ્યારે તે હાથ ઉઠાવે છે ત્યારે ભગવાન તેનીદ્વારા ચમત્કારના કાર્યો સંપન્ન કરાવે છે.

સાંસારિક કામનાઓમાં પડેલો મનુષ્ય વાસનાત્મક વિચાર તથા ઈર્ષ્યા, દ્વેષ અને ઘૃણાના વિચારોનો જ શિકાર બને છે. એ બન્ને પ્રકારના વિચાર તેના મનપર અધિકાર જમાવે છે, તે એ બન્ને પ્રકારના વિચારોનો દાસ બની જાય છે. તે કોઇ બીજા સારા ઉચ્ચ વિચારોમાં મનને રોકવાનું નથી જાણતો. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરવાની વિધિ નથી જાણતો. તે મનનો સ્વભાવ તથા તેની સૂક્ષ્મ ક્રિયાઓથી સંપૂર્ણપણે અનવધાન રહે છે તેથી ભૌતિક સંપત્તિ અને વિશ્વ વિદ્યાલયોનું મિથ્યા જ્ઞાન હોવા છતાં પણ તેની અવસ્થા અત્યંત શોચનીય રહે છે. તેનું બધું જ્ઞાન ખાલી હોય છે. તેનામાં વિવેકનો ઉદય નથી થતો. તેને સંત પુરૂષો, શાસ્ત્રો અને ઇશ્વરમાં શ્રદ્ધા નથી હોતી. તો પોતાની સંકલ્પ શક્તિની નબળાઇને કારણે ખરાબ કામનાઓ પ્રવૃત્તિઓ અને પ્રલોભનોને હઠાવવામાં અસમર્થ નીવડે છે. સાંસારિક માયાજાલ તોડવાની એક માત્ર ઔષધિ છે-તે એ કે હમેશાં સત્સંગ કરવો, સાચા સાધુ મહાત્માઓની સાથે રહેવું.

મનને આત્મામાં લગાડો. મનને સ્વયંજ્યોતિ, શુદ્ધ બુદ્ધ પરમાત્મામાં લગાડો. પરમાત્મામાં ખૂબ દૃઢતાપૂર્વક સ્થિર બનો, ત્યારે જ તમને પરમાત્મ અવસ્થા પ્રાપ્ત થશે.

બાહ્ય જગતનાં કાંચન કામિનીમાં સુખને શોધવું નકામું છે. તે ત્યાં કદીપણ નહિ મળે. આપણાં હૃદયમાં, આપણા આત્મામાં જ બધા સુખોનો મૂલ સ્રોત છે. આપણી પોતાની અંદર બધી શક્તિ વાપરીને શોધ કરો. મન તથા ઇન્દ્રિયો પર વિશ્વાસ ન રાખો. તે તો આપણા શત્રુ છે. કામિની તથા કાંચન ભયાનક શત્રુઓ છે.

તેજ મનુષ્ય ખરેખરો અધિપતિ તથા મહારાજા છે કે જેણે મન ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો હોય છે. તેજ મનુષ્ય સૌથી મોટો ધનવાન છે કે જેણે કામનાઓ, વાસનાઓ તથા પોતાના મનને જીતી લીધું છે. તે જ ખરો ક્ષત્રિય છે કે જે મનની સાથે આંતરિક યુદ્ધ કરે છે. વિવેક અને સંકલ્પશક્તિદ્વારા ઇન્દ્રિયોની સાથે, સ્વભાવની સાથે યુદ્ધ કરે છે અને મનની ઉપર એકાધિપત્ય પ્રાપ્ત કરે છે. તેજ ખરો ક્ષત્રિય છે કે જે ખરાબ સંસ્કારો, દુષ્ટ વિચારો, રજોગુણ-તમોગુણની સેનાની સાથે પોતાનો સત્વગુણ જાગૃત કરીને યુદ્ધ કરે છે. તેજ ખરો ક્ષત્રિય છે કે જેનાં શસ્ત્રો સંકલ્પ છે અને અસ્ત્ર વિવેક છે, જેનું યુદ્ધક્ષેત્ર અંતઃકરણ છે, જેનો શંખ પ્રણવમંત્ર ૐ છે અને જેનું બખ્તર વિવેક, વૈરાગ્ય, શમદમાદિ સાધન સંપદા અને મુમુક્ષુત્વ છે.

મનમાં રાગદ્વેષનું હોવું એજ ખરૂં કર્મ છે. એજ મૌલિક કર્મ છે. અવિદ્યાથી અવિવેક ઉત્પન્ન થાય છે, અવિવેકથી અહંકાર અને અભિમાન થાય છે, અભિમાનથી રાગદ્વેષ ઉત્પન્ન થાય છે અને રાગદ્વેષથી કર્મ, કર્મથી શરીર મળે છે અને શરીરથી દુઃખ પ્રાપ્ત થાય છે. એ સર્વ કડીયોના બંધનની સાંકળ છે. એજ દુઃખની જંજીર છે. પરમાત્મ જ્ઞાનદ્વારા તેનું મૂળ અવિદ્યાને જ નષ્ટ કરી દો. બધી કડીયો છિન્નભિન્ન થઇ જશે. મુક્તિ પરમાત્મજ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે.

—ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચાલતા દીક્ષા પ્રકરણ સંબંધે કંઈક.

વડોદરા રાજ્ય તરફથી પ્રગટ થયેલા સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધના મુસદ્દાના સંબંધમાં જૈન સમાજમાં ઘણો ઉહાપોહ થઇ રહ્યો છે. એક પક્ષ જ્યારે તે કાયદો થાય તેને અયોગ્ય માને છે, જ્યારે બીજો પક્ષ તેમાં સમ્મત્તિ દર્શાવે છે. એ બંને બાજુના અભિપ્રાયો ઘણે ભાગે જાણતાં તે બાબતમાં એક નમ્ર નિવેદન દલીલ પૂર્વકનું શ્રીયુત **સુરચંદભાઈ** પુરૂષોતમદાસ બદામીનું પ્રગટ થયું છે તે ઘણું વિચારણીય છે, જ્યારે બીજું દીક્ષા પદ્ધતિપર સામયિક પ્રકાશન નામનો એક ચર્ચાત્મક જૈન દૃષ્ટિએ પ્રકાશ પાડતો નિબંધ ન્યાયવિશારદ **શ્રીમદ્ ન્યાયવિજયજી મહારાજ** રચિત પ્રસિદ્ધ થયેલ છે. શ્રીયુત સુરચંદભાઇના નિબંધમાં પ્રથમ સામાન્ય નિરિક્ષણ, તેના હેતુનું નિરિક્ષણ, સગીરની દીક્ષાથી અનર્થ થાય છે ? દીક્ષાની બાબત શોચનીય છે ? ધાર્મિક બાબતમાં રાજ્ય કયારે હસ્તક્ષેપ કરી શકે ? માબાપ અથવા વાલીની રજામંદી નિરર્થક ગણી શકાય ? સગીરની દીક્ષા સંખ્યા જોતાં હાલ પ્રતિબંધક કાયદાની જરૂર છે ? ફોજદારી કાયદા પ્રમાણે સગીર તરફ કેવી રીતે વર્તાય છે ? દીવાની તથા ફોજદારી કાયદાપરથી થતું અનુમાન, સગીરના હક તથા જવાબદારી, મુસદ્દામાં ફરમાવેલી સજા અને છેવટે તેઓ સાહેબે પોતાને ફલિતાર્થ ટુંકમાં ધાર્મિક દૃષ્ટિ રાખી ધર્મશાસ્ત્રની હદમાં રહી, કાયદાપૂર્વક સંક્ષિપ્તમાં આપી આ નિબંધ પૂર્ણ કર્યો છે. સૂરચંદભાઈ ધર્મશ્રદ્ધાવાન, કાયદાના હિમાયતી, ઠરેલ અને બુદ્ધિશાળી, શાંત પ્રકૃતિના અને તટસ્થ હોવાથી આ નિબંધ વાંચતા અલબત પ્રથમ દર્શને આ કાયદો એ ધર્મમાં રાજ્યનો હસ્તક્ષેપ કરવા જેવું થાય છે એમ ચોકસ જણાય છે, અને અત્યારે જ્યારે નસાડી ભગાડી દેવાતી દીક્ષાઓથી ક્લેશ, કુસંપ, વૈર, કોર્ટે ચડતા થતા ઝગડા, સાધુઓપર થતાં દાવાઓ અને તેથી જૈન સમાજની બીજી પ્રજામાં થતી હાંસીથી પણ જૈન સમાજે વિચાર કરવાની જલદી જરૂર છે. હવે મુદ્દો એ છે કે જ્યારે હિંદુસ્તાનના જુદા જુદા શહેરોના સંઘો વર્તમાન સમયનો વિચાર કરી આ પદ્ધતિમાં દેશ, કાળ, ભાવ વિચારી ફેરફાર કરે, તે માટે ધારાધોરણ કે અટકાવવા જેવું હોય ત્યાં તેનો માર્ગ કરે તો કરી શકે તેવું છે, છતાં જ્યારે શ્રીસંઘો તે માટે વિચાર નહિં કરતાં દીક્ષા જેવાં મહાન્ આદર્શની જે ફજેતી થઇ રહી છે તેને માટે જૈનવર્ગના નેતાઓ જ્યારે મૌન બેઠા છે અને વ્યવસ્થિત બંધારણ ઘડી સગીરના સાચા વાલી બનવાનો ઉત્સાહ દેખાડતા નથી ત્યારે જ શ્રીમંત ગાયકવાડ સરકારને આવો કાયદો ઘડવાની જરૂર પડી છે તે માટે ન્યાયવિશારદ શ્રી ન્યાયવિજયજી મહારાજે પોતાના નિબંધમાં જણાવેલ વિચારો મનનીય અને યોગ્ય લાગેલ છે.

દીક્ષા પદ્ધતિપર શ્રીમાન્ ન્યાયવિજયજી મહારાજનો આ નિબંધ શાસ્ત્રીય દૃષ્ટિએ શાસ્ત્રાધાર સાથે વિદ્વત્તાપૂર્ણ લખાયેલો છે જે ઘણોજ વિચારણીય છે. અને અત્યારે આ પ્રકરણને અંગે જૈન સમાજને શું કરવાની જરૂર છે તે સચોટ મુદ્દા અને દલીલ પૂર્વક આ નિબંધમાં જણાવેલ છે તેમાં જણાવ્યા પ્રમાણે જ્યારે સમજમાં ઉપરોક્ત દીક્ષા જેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ વસ્તુ માટે વર્તમાનમાં અનેક વિટંબણા, પરસ્પર ક્લેશો ઉભા થતાં હોય તેવે વખતે દરેક ગામના શ્રી સંઘોએ પ્રમાદ છોડી પોતાના શાસનનો યોગ્ય ઉપયોગ કરવો જોઇએ. અને દીક્ષા લેનારાઓના તેને પાછળના તેના આપ્તજનોના વ્યવહારિક હિતનો નાશ થતો હોય તો તેના સંરક્ષણ માટે, દીક્ષા આપવાની બાબતમાં ધર્મદષ્ટિ રાખી દેશ-કાળનો વિચાર કરી જલદીથી યોગ્ય નિયમન થવું અત્યંત જરૂરી છે કે જેથી બીજા રાજ્યોને ધર્મમાં હસ્તક્ષેપ કરવાનો વખત ન આવે. ધર્મમાં રાજ્યની દખલગીરી જેમ બીલકુલ ઇચ્છવા યોગ્ય નથી અને તેને અટકાવવા માટે જેમ યોગ્ય પ્રયત્ન થવા જરૂર છે એમ આ લેખક માને છે. શ્રી સંઘોના પ્રમાદપણાને લઇ રાજ્યોનો હસ્તક્ષેપ ભવિષ્યમાં વિશેષ થતાં ધર્મની અનેક બાબતમાં સ્વતંત્રતા ચાલી જવાનો વખત આવી લાગશે. ઓછામાં ઓછો કાળ દીક્ષા લેવાનો શાસ્ત્રકારોએ આઠ વર્ષનો બતાવ્યો છે તે બરાબર છે; પરંતુ દરેક માટે તે વસ્તુ ધોરીમાર્ગ તરીકે ન જણાવાય. કારણ પ્રથમ તો આઠ વર્ષની ( સગીર વયના દીક્ષીતો કરતાં ) મોટી ઉમ્મરના દીક્ષિતોની સંખ્યા દરેક કાળમાં વધારે જોવાય છે ચરિત્ર ગ્રંથોમાં તેવા દાખલા કોઇ કોઇ જણાય છે તેમાં પણ કોઇ કોઇ મહાપુરૂષો, જ્ઞાની ગુરૂઓ, જયોતિષ, દેવસાધિત, કે સામુદ્રિક શાસ્ત્રવડે ભવિષ્યકાળના જ્ઞાનવડે કોઇ બાળકને દીક્ષા આપેલ હોય છે તો તેવા દાખલાઓ આ કાળમાં અને તેવા જ્ઞાનના અભાવે આપી અનુકરણ કરવાનું શી રીતે બની શકે ? કારણ કે તે માર્ગને વર્તમાનમાં ધોરી ગણી નાની ઉમરનાને સંમત્તિ વગર દીક્ષા આપવાથી કેવા ક્લેશો, સાધુઓ ઉપર વારંવાર ફરીયાદો થવાના અનેક પ્રસંગો બન્યા છે અને તે વધતાં વધતાં ભવિષ્યમાં શાસન માલિન્યતા થઇ જતાં અન્ય ધર્મીઓમાં હેલના કરાવનારૂં વિશેષ થઇ પડશે. અત્યારે દેશ, કાળ, મનુષ્યપ્રકૃતિ, વગેરેનો વિચાર કરી સંસારનું જેને ભાન થયું હોય, વાસ્તવિક રીતે જેને વૈરાગ્ય પ્રકટ થયો હોય મોક્ષની અભિલાષા જાગી હોય તેનેજ દીક્ષાની પ્રાપ્તિ થાય છે તે વિચારી દીક્ષા આપવામાં આવે તેની સામે કોઇને વાંધો હોઇ શકે જ નહિ. સામાન્ય રીતે સમજી શકાય છે કે દીક્ષા માટે ઓછામાં ઓછી વયને આઠ વર્ષ પ્રભુએ જણાવી છે તે દીક્ષાના વેષ સાથે સંબંધ ધરાવતી નથી પરંતુ તત્ત્વદષ્ટિએ સર્વ વિરતિ પરિણામના લાભ સાથે સંબંધ ધરાવે છે તેથીજ તે વયને ધોરીમાર્ગ તરીકે વર્તમાન કાળમાં બધા માટે ગણવી તે અસ્થાને છે. કદાચ સગીરના માબાપો કે તેની ઇચ્છાથી તે ગામનો શ્રી સંઘ સંમત્તિ બાળવય માટે આપે તો તે વસ્તુ બરાબર છે; પરંતુ સિવાય અત્યારની પરિસ્થિતિ ચલાવી લેવા જેવી નથી. વગેરે વગેરે બાબતો વિચારતાં હાલ એવો સમય આવી લાગ્યો છે કે હિંદના દરેક ગામના જૈન સંઘોએ દીક્ષા આપવાના સંબંધમાં એક વ્યવસ્થિત બંધારણ ( દીક્ષાનો માર્ગ સરલ રીતે ચાલ્યો જાય ) ઘડી કાઢે કે જેથી સમાજમાં લાગેલી ઝગડાની અગ્નિ શાંત થાય અને રાજ્યોને આજે અને ભવિષ્યમાં હસ્તક્ષેપ દખલગીરી કરવાનો વખત ન આવે, આ માટે જૈન સમાજ જો પ્રમાદ સેવશે તો પોતાના શાસનની સ્વતંત્રતા ખોવાનો ભવિષ્યમાં વખત આવી લાગશે તેમ વિદ્વાન, બુદ્ધિશાળી, ધર્મ-શ્રદ્ધાવાન પુરૂષોને માનવાનું કારણ મળે છે.

I. A.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**સંક્ષિપ્ત કાનૂન સંગ્રહ**—પ્રકાશક ભૈરોદાન જેઠમલ સેઠિયા. જાબ્તા ફોજદારી, ફોજદારી અદાલત, હિન્દુલો, દામદુપટ કાનુન, કાનુનરજીસ્ટ્રી, વીલ વગેરે જાણવા માટે ટુંકા ટુંકા સરકારી કાયદાનું સંક્ષિપ્ત વર્ણન હિંદી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. પાછળ ગુન્હાની શિક્ષા પ્રકરણ અને કઠણ શબ્દનો કોષ આપી ગ્રંથ પૂર્ણ કર્યો છે. સામાન્ય બુદ્ધિના મનુષ્યોને જાણવા જેવો ગ્રંથ છે. પ્રકાશક ઓનરરી માજીસ્ટ્રેટ સદર બીકાનેર રાજ્યના છે કિંમત ૭ આના. મળવાનું સ્થળ સેઠિયા જૈન પરમાર્થિક સંસ્થા-બીકાનેર.

---

**શ્રી ભીમસેન ચરિત્ર**—સ્વર્ગવાસી વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ **અજિતસાગર સૂરિ** પ્રણીત. આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં સ્વર્ગવાસી આચાર્ય મહારાજે રચેલ છે. તેઓશ્રી લેખક, કવિ, વકતા, વ્યાખ્યાનકાર હતા. તેઓશ્રીના રચેલા અનેક ગ્રંથો વિદ્વત્તાપૂર્ણ છે. આ ગ્રંથનું સંસ્કૃત સરલ અને સાદું હોવાથી સંસ્કૃતના અભ્યાસીઓ માટે શિક્ષણમાં મુકવા યોગ્ય છે. ચરિત્ર પણ રસિક અને બોધક છે. તેનું ભાષાંતર થવાથી ગુજરાતી ભાષા જાણનાર માટે પણ વાંચવા લાયક ગ્રંથ બને તેવું છે. સ્વર્ગવાસી ઉકત આચાર્ય મહારાજની વિદ્યમાનતા રહી હોત તો જૈન સાહિત્યમાં વિશેષ અભિવૃદ્ધિ થાત, છતાં પણ તેઓશ્રીની ગદ્ય-પદ્ય દરેક કૃતિ જૈન સાહિત્યમાં વૃદ્ધિ થવા સાથે આવકારદાયક થઇ પડેલ છે. સાણંદ સાગરગચ્છના જ્ઞાન ખાતા તરફથી પ્રકટ થયેલ છે. મળવાનું સ્થળ સામળદાસ તુળજારામ, મુ. પ્રાંતિજ ( ગુજરાત ).

---

**શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમ-ઉમેદપુર**—સં. ૧૯૮૭ ની સાલનો ૭ માસિક રીપોર્ટ. મારવાડ જેવા દેશમાં કે જ્યાં શિક્ષણનો દુષ્કાળ હતો, ત્યાં પુણ્યયોગ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરના શિષ્યરત્ન પંન્યાસજી શ્રી **લલિતવિજયજી મહારાજ** ઉમેદપુર શહેરમાં બિરાજમાન થતાં તેઓશ્રીના ઉપદેશથી સં. ૧૯૮૭ ના માગશર શુદ ૧૩ ના રોજ શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમની સ્થાપના કરવામાં આવી છે. થોડા વખતના પ્રયત્નથી પણ જમીન ખરીદી સ્થાન પ્રાપ્ત કરી, ૭૯ જેવી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને પોષતી, શિક્ષણ આપતી આ સંસ્થા પગભર થતી જાય છે. આ રિપોર્ટમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા સાથે આવશ્યક ચર્યાની નોંધ, વ્યાયામ વગેરેનો સુંદર પ્રબંધ તમામ કાર્યવાહી અને હવટે આવક જાવકનો હિસાબ વગેરે આપવામાં આવેલ છે. કાર્યવાહી, પદ્ધતિસર વહીવટ ચોખવટવાળો છે, આ સંસ્થાની થતી ઉન્નતિનું માન પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજ છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નીચેના ગ્રંથો ભેટ મળ્યા છે તે ઉપકાર સાથે સ્વીકારીયે છીયે.

**જૈન રત્ન સંગ્રહ**—પ્રકાશક શેઠ કોરશીભાઇ વીજપાળ-રંગુન. વિના મૂલ્યે ગ્રંથો છપાવી, પ્રકટ કરનારને મદદ આપી તેવા ગ્રંથો જ્ઞાનની વૃદ્ધિ માટે ભેટ આપવાનો ઉદાર પ્રયત્ન ઉક્ત શેઠશ્રી કોરશીભાઇ તરફનો હોઇ તે પ્રશંસનીય છે.

---

**૨ શ્રી નંદીસૂત્રમ્**—સંશોધન કર્તા આચાર્ય શ્રી **વિજયદાનસૂરિજી** મહારાજ, પ્રકાશક પાડીવ ગામ ( મારવાડ ) શેઠ રૂપચંદજી નવલમલજીની આર્થિક સહાય વડે પ્રકટ થયેલ છે. આ ગ્રંથમાં મૂળ સાથે જિનદાસ ગણિ વિરચિત ચૂર્ણિ તથા શ્રી હરિભદ્રસૂરિજી કૃત વૃત્તિ સહિત શ્રીમદ્ દેવવાચકવર્ય વિરચિત આ સૂત્ર પ્રત આકારે પ્રકટ કરવામાં આવેલ છે. કિંમત પઠન-પાઠન.

---

## —: मुनिविहारथी थता लाभ :—

श्री श्री १००८ श्री श्री पूज्यपाद् आचार्य महाराज श्री विजयवल्लभसूरिजी के शिष्य रत्न पन्यासजी श्री **ललितविजयजी महाराज** सपरिवार उम्मेदपुर से विहार करके **बेड़ाणा** गांव पधारे । इस गांव में केई वर्षों से कुसंप था । भगवान के तीन बिम्ब एक दु न में बैठा रखे थे । पूजा फक्त पूजारी करता था । परस्पर का व्यवहार बंद था । पन्यासजी महाराज के उपदेशसे चार मध्य स्थापित किये गये फैंसला हुआ ।

छोगमलजी १५०० ) रुपैये की आंगी बनवाकर प्रभु को चढावें, २००) रुपैया—मंदिरजी में गादी गवैरह के खर्च का देंवे । तीनों जिनबिम्ब मंदिर जी में विराजमान होवें उस-दिन का सामीवच्छल भी अपनी खुशी स छोगमल जी करें । कोई भी काम दंडके तौर पर नहीं । इस प्रकार फैंसला चारो पंचोने दिया, सकल श्री संघने कबूल किया । शेट प्रतापजी ने अच्छा परिश्रम किया । मुनिराज सेदरिया होकर थांबला, सबरसा पधारे । सेदरिया श्री संघने उम्मेदपुर बालाश्रम को प्रथम १०००) रुपैये की मदद दी थी, रुपये २००) अभी फिर दिये । अतएव ऊन सज्जनों को बारम्बर धन्य है ।

---

## —: श्री पार्श्वनाथ उमेद जैन बालाश्रम को नवी भेटें :—

रु. १०१) शा. छोगमलजी बेदाणा । रु. ६६) श्री संघ सांडेराव । रु २१) शा. चैनमलजी गंगारामजी मुंडारा । रु. २१३) श्री संघ सेदरिया । रु. १२५) शा. प्रतापजी बिसलपुर । रु. १०) शा. नगीनदास अमदावाद । रु. २५) श्री संघ ब्यावर ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્ત્તમાન સમાચાર.

આ શહેરમાંથી આશો શુદ ૧૦ ના રોજ બ્હેનો અને બંધુઓ મળી શુમારે સાતશેંહ યાત્રિકોનો શ્રીસમેત્તશિખરજી યાત્રા કરવા શ્રીવડવામિત્રમંડળના નેતૃત્વ નીચે ગયેલ સંઘ અનેક તીર્થોની યાત્રા કરી અનેક સ્થળે સત્કાર પામી માગશર શુદ ૨ ના રોજ અત્રેના શ્રી સંઘના સામૈયાના સત્કારથી તેમનો પ્રવેશ થયો છે. જાણવા પ્રમાણે શ્રી વડવા મિત્રમંડળ અને દેવચંદ શેઠે યાત્રાળુઓની સેવા અમાપ કરી છે. વડવા મિત્ર મંડલે તો નાની સેવા કરતાં આ મહદ્દ સેવાનો પણ લાભ લઈ અનુભવ મેળવ્યો છે નીતિશાસ્ત્રકારો કહે છે કે સેવાના માર્ગો ગહન છે, અને તે માર્ગોમાં અનેક વિઘ્નો હોય છે તેમાંથી સેવા કરનારને પસાર થવું પડે છે કે તેથી સેવા કરનારની કસોટી થાય છે.

ઉપરોક્ત સેવાભાવીઓના માર્ગમાં પણ કવચિત કંટક પથરાયેલા હશે તો પણ સરવાળે શાંતિથી ધૈર્યતાથી આ સેવાનું કાર્ય સંપૂર્ણ થયું છે તે જાણી આનંદ પામવા જેવું છે. ખેદનો વિષય એકજ જણાયો છે કે આ સમુદાય યાત્રાના માર્ગમાં હતો તે દરમ્યાન કોણ જાણે કેવા ઇરાદાથી આ સેવા કરનાર મંડળ વગેરેને માટે અત્રે પત્રો દ્વારા અને અત્યારે પણ ખબર ફેલાવામાં આવેલા હતા અને આવે છે કે આ મંડલને ઘણા રૂપૈયાનો વધારો વધશે તેમાં સ્વાર્થ છે વગેરે વગેરે, કોઇ યાત્રિક બંધુઓ તરફથી આવી હવા તેનું પરિણામ જાણ્યા સિવાય ફેલાવવામાં આવતી હોય તો યાત્રા જેવું દર્શન શુદ્ધિ—આત્માની નિર્મલતા કરવા જેવા ઉત્તમ કાર્ય કરવા જતાં, તેવો કચરો ઉડાડનાર માટે મેળવેલું ફળ ખોઇ નાખવા જેવું થાય છે. આવી સેવા કરનારના કાર્યને પ્રશંસવાને બદલે (જો કે આ સેવાના કાર્યમાં ત્રુટિ પણ આવી હોય કારણ કે કોઇ પણ મનુષ્ય સંપૂર્ણ હોઇ શકતો નથી તો ત્યાં સેવા કરનારની તે ત્રુટી અપૂર્ણતા હોય સહાનુભૂતિથી સુધારી તે પૂર્ણ કરવું જોઇએ તેને બદલે) તે મંડલે કરેલી સેવાને તે કાંઇ હીસાબમાં જ નથી તેમ ગણી જાહેરમાં તેઓને (પરિણામના જાણ્યા સિવાય) આક્ષેપો કરવા તે સજ્જનોનું કર્તવ્ય નથી, માટે જ મુંબઇ શહેરમાં શ્રી સંઘ તરફથી ઝવેરી મોહનલાલભાઈ હેમચંદના પ્રમુખપણા નીચે આ સેવા ભાઇઓને અભિનંદન આપવા થયેલ મેળાવડામાં તે પ્રમુખશ્રી જેવા ઉત્તમ મનુષ્યના મુખથી થયેલ વકતવ્ય પ્રશંસાપાત્ર અને યોગ્ય સ્થાને હતું એમ અમારે કહેવું જોઇએ. જાણવા, માનવા તથા સાંભળવા પ્રમાણે આ મંડળ પોતાની આ સેવાકાર્યનો રિપોર્ટ થોડા વખતમાં પ્રકટ કરવાના છે. તેમજ આર્થિક વધારો રહ્યો હોય તેનો સંતોષકારક યોગ્ય પ્રબંધ જલદીથી કરી નાંખે અને એમ તેમજ વેળાસર રિપોર્ટ પ્રગટ કરે તે મંડળને ભલામણ કરીએ છીએ. (મળેલું.)

---

**નવા ડીસામાં કાર્તકી પુનમનો મહોત્સવ**—આ શહેરમાં ચાતુર્માસમાં રહેલાં મુનિરાજશ્રી **હંસવિજયજી** મહારાજ તથા પંન્યાસજી મહારાજ શ્રી **સંપતવિજયજી** મહારાજ વગેરે મુનિમહારાજોનું ચોમાસુ બદલવા સરકારી સ્કૂલ મકાનને શણગારી પ્રબંધ કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો હતો. ત્યાં શ્રીસિદ્ધાચળજી પટ ગોઠવવામાં આવ્યો હતો પૂજા વરઘોડામાં મુનિમહારાજ રાજ્યના અમલદારો અને જૈનોનો મોટો સમુદાય હતો ત્યાં ગયા બાદ શ્રી પંચતીર્થની પૂજા ( આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ કૃત ) ભણાવવામાં આવી હતી કારતક શુદ ૧૩ ના દિવસે ઉપાશ્રયમા બ્હેનોએ મુનિરાજ શ્રીહંસવિજયજી મહારાજ કૃત શ્રી સમેતશિખરજીની પૂજા ભણાવવામાં આવી હતી.

---

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની–ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમીટી**ની આગામી બેઠક તા. ૨૬–૨૭ શની, રવિવારના રોજ મુંબઇમાં શ્રીમહાવીર જૈન વિદ્યાલયના મકાનમાં મળવાની છે. જે માટે સ્ટેન્ડીંગ કમીટીના તમામ મેમ્બરોને આમંત્રણ કરવામાં આવ્યું છે. જુન્નેર અધિવેશન વખતે કોનફરન્સના બંધારણમાં દરેક સ્થળે સમિતિઓ સ્થાપી શિથિલતા દુર કરવા કરેલ યોજના માટે, તેના પ્રચાર માટે અને સર્વની જાણ માટે આ સ્ટેન્ડીંગ કમીટીમાં યોગ્ય પ્રબંધ થવા જરૂર છે. તેટલું જ નહિં જેમ બને તેમ શાંતિથી. ભાતૃભાવથી કાર્ય ચાલુ રાખી વ્યવહારૂ રીતે તે અમલમાં આવે તેવો આ વખતે સત્વર પ્રબંધ થવાની આવશ્યકતા છે. એકંદરે કોનફરન્સ તરફ હિંદના દરેક સ્થળના જૈનોનો સદ્‌ભાવ થાય અને કોનફરન્સના કાર્ય તરફ આકર્ષાય તેમ થવાની જરૂર છે કે જેથી આજે જે શિથિલતા જણાય છે તેમાં જાગ્રતિ આવે અને કોનફરન્સનું કાર્ય સુદૃઢ થાય તેમ આ બેઠકમાં કરવા અમો મુખ્ય કાર્યવાહકોને નમ્ર સુચના કરીયે છીયે

---

# શ્રી જૈન યુવક પરિષદ્.

ઉપરોક્ત પરિષદ્‌નું અધિવેશન આ માસની તા. ૩૦–૩૧ બુધ ગુરૂવારના રોજ મુંબઇમાં મળવાનું છે. આ પરિષદના અધિવેશનના પ્રમુખ તરીકે શ્રીયુત રાષ્ટ્ર વીર કોઠારી મણિલાલભાઇની પસંદગી કરવામાં આવી છે. સ્વાગત કમીટીના પ્રમુખ શ્રી વીરચંદ પાનાચંદ શાહની પસંદગી કરવામાં આવી છે.

---

## શેઠ પરમાણંદદાસ રતનજીનો સ્વર્ગવાસ.

શેઠ પરમાણંદદાસ માત્ર થોડા વખતની બિમારી ભોગવી શુમારે પચાશ વર્ષની ઉમરે આ માસની શુદ ૮ ગુરૂવારના રોજ મુંબઈ શહેરમાં પંચત્વ પામ્યા છે. ભાઇ પરમાણંદદાસ મિલનસાર અને ધર્મશ્રદ્ધાળુ હતા. વડિલોના વખતથી ચાલતા વેપારમાં વૃદ્ધિ કરી, સ્વકમાઇથી લક્ષ્મી પણ વિશેષ મેળવી પ્રતિષ્ઠા, જ્ઞાનોદ્ધાર વગેરે ધાર્મિક કાર્યોમાં પણ લક્ષ્મીનો સદ્‌વ્યય સારો કર્યો હતો. આ સભાના લાઇફ મેમ્બર હતા અને સભા ઉપર અત્યંત પ્રેમ ધરાવતા હતા, વગેરે કારણથી તેમના સ્વર્ગવાસથી આ સભા પોતાનો ખેદ જાહેર કરે છે અને તેઓના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું."

૧ બૃહત્કલ્પ પીઠિકા. ૨ કર્મગ્રંથચાર દેવેન્દ્રસૂરિકૃત ટીકા સાથે.
૩ વિલાસવઇકહા. ( અપભ્રંશ ભાષામાં )

---

## ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

૧ શ્રી મહાવીર ચરિત્ર—( પ્રાચીન ગ્રંથ ઉપરથી. ) પ્રેસમાં છે.
૨ શ્રી સુરસુંદરી સતી ચરિત્ર—અતિ રસમય ચરિત્ર. ( લખાય છે ).

નં. ૧ માં આર્થિક સહાયની અપેક્ષા છે. સહાય આપનાર બંધુની ઇચ્છાપ્રમાણે સદ્વ્યય કરવામાં આવશે. આ સભા તરફથી પ્રગટ થતાં દરેક ગ્રંથના કાગળો, ટાઇપો, બાઇન્ડીંગ એ તમામ ઉંચા પ્રકારના થતાં હોવાથી દરેક ગ્રંથોની સુંદરતા માટે લાઇફ મેમ્બરો અને વીઝીટરો વગેરે બંધુઓએ સંતોષ બતાવેલ છે.

---

## નવીન વધામણી
## જૈન સજ્ઝાયમાળા.
## ભાગ ૨ જો ( સચિત્ર )
## આવૃત્તી નવમી

આ પુસ્તકની નવમી આવૃત્તી બહાર પડે છે તેજ તેના ઉપયોગીપણાનો પૂરાવો છે. આ પુસ્તકમાં પાંચ સારાં સુશોભિત ચિત્રો મુકી આકર્ષક કરવામાં આવેલ છે.

૧ કામદેવ શ્રાવકને દેવતાએ આપેલા ઉપસર્ગો.
૨ દ્વારિકા નગરી બળે છે તેનો દેખાવ ને તેથી કૃષ્ણ તથા બળભદ્રની સંસાર પ્રત્યે અસારતા.
૩ જંબુસ્વામી અને તેમની સ્ત્રીઓના સંવાદનું ચિત્ર.
૪ હાથીના ભવે મેઘકુમારે ચિંતવેલી સસલાની દયા.
૫ સુભદ્રા સતીની શીયળની કસોટી.

એ રીતે પાંચ ચિત્રો સહિત માગશર લગભગ બહાર પડશે છતાં તેની કિંમતમાં વધારો નહી કરતાં તેનો સર્વ સજ્જનો લાભ લઇ શકે તે હેતુથી અગાઉથી ગ્રાહક થનારના એક રૂપીઓ ચાર આના ને પાછળથી ગ્રહક થનારના એક રૂપીઓ આઠ આના. માટે સત્વર નામ નોંધાવો અગર પોસ્ટ ખર્ચના રૂા. ૦-૭-૦ સાત આના મળી રૂા ૧-૧૧-૦ નો મનીઓર્ડર કરી મોકલવો.

આ સિવાય મ્હારે ત્યાં દરેક જાતનાં જૈન તેમજ જૈનેતર પુસ્તકો મોટા જથ્થામાં સીલીક રહે છે તો જે ગૃસ્હથોને જોઇએ તેમણે અમારી પાસેથી એકવાર ઓરડર આપી ખાત્રી કરવી. એક આનાની ટીકીટ બીડી સૂચીપત્ર મંગાવવું.

---

## નીચેનાં પુસ્તકો .સસ્તી કિંમતે આપવામાં આવશે.

| | મૂળ કિંમત | હાલ ઘટાડેલી | | મૂળ કિંમત | હાલ ઘટાડેલી. |
|---|---|---|---|---|---|
| કૃતઘ્નની કેસર | ૧-૮-૦ | ૧-૦-૦ | જૈન મહા સતી મંડળ | ૧-૪-૦ | ૧-૦-૦ |
| વ્યાજ ગણીત | ૫-૦=૦ | ૧-૮-૦ | જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો | ૧-૮-૦ | ૧-૦-૦ |
| જયાનંદ કેવળીનો રાસ | ૩-૦-૦ | ૧-૮-૦ | | | |

લી. બાલાભાઇ છગનલાલ શાહ.
પુસ્તકો પ્રગટ કરનાર તથા વેચનાર. ઠે. ફીકાભટની પોળ, અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૮. માર્ગશિર્ષ. આત્મ સં. ૩૬. અંક ૫ મો.

## સ્વદેશીની ભાવના

" મનુષ્ય સર્વ શકિતમાન પ્રાણી નથી, તેથી તે પોતાના પડોશીની સેવા કરવામાં જગતની સેવા કરે છે. આ ભાવનાનું નામ સ્વદેશી છે. પોતાની નજીકની સેવા છોડીને દૂરનાની સેવા કરવા કે લેવા ધાય છે તે સ્વદેશીનો ભંગ કરે છે. આ ભાવનાના પોષણથી સંસાર સુવ્યવસ્થિત રહી શકે, તેના ભંગમાં અવ્યવસ્થા રહેલી છે. આ નિયમને આધારે બનતા લગી આપણે આપણી પડોશની દુકાન સાથે વ્યવહાર રાખીએ; દેશમાં જે વસ્તુ થતી હોય કે સહેજે થઇ શકતી હોય તે વસ્તુ આપણે પરદેશથી ન લાવીયે. સ્વદેશીમાં સ્વાર્થને સ્થાન નથી. પોતે કુટુંબના, કુટુંબ શહેરના, શહેર દેશના, ને દેશ જગતના, કલ્યાણાર્થે હોમાય. "

" મંગળ પ્રભાત " માંથી

For Private And Personal Use Only